
Vibrant GUJARAT 2024
નિર્મળ ગુજરાત 2.0
સ્વચ્છ ગુજરાત, સમૃદ્ધ ગુજરાત
મારો કચરો, મારી જવાબદારી
સ્વચ્છ ગુજરાત થકી કરીએ સમૃદ્ધિની તૈયારી
સૂકો કચરો
ભીનો કચરો
સૂકા અને ભીના કચરાનું વર્ગીકરણ કરીએ
આવો... ભેગા મળી સ્વચ્છ ગુજરાતનું સપનું સાકાર કરીએ...
સ્વચ્છ ભારત મિશન,અર્બન - ગુજરાત
@sbmugujarat @swachhgujaratofficial @SwachhGujarat @sbmugujarat

**આજનો સુવિચાર**

સફળ લોકોના ચહેરા પર બે વસ્તુ હોય છે, મૌન અને સ્મિત !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૧ જૂનાગઢ તા.૨૭-૧૨-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 11, Junagadh : Date : 27 December, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ત્રાસવાદીઓની ઘુસણખોરી માટે કાશ્મીરનાં અખનૂર ક્ષેત્રમાં પાક. સૈન્યએ આગ લગાડી : સૈન્ય હાઈએલર્ટ

શ્રીનગર તા.૨૭

જમ્મુ-કાશ્મીરમાં સતત વધી રહેલા ત્રાસવાદી હુમલા અને જવાનોની શહીદી છતા છેલ્લા એક સપ્તાહમાં સુરક્ષાદળોના જબરા ઓપરેશન છતા પણ સફળતા નહી મળતા હવે સમગ્ર રાજયમાં જયાં જયાં ત્રાસવાદી પોકેટ છે ત્યાં ખાસ ઓપરેશન માટેની વ્યુહરચના છે તે સમયે જ પાકિસ્તાને હવે રાજયમાં ત્રાસવાદીઓને ઘુસાડવા જંગલમાં આગ લગાડી તેની આડમાં ત્રાસવાદીઓને ઘુસાડવાના પ્રયાસ શરૂ કર્યા છે. પાક. રેન્જર્સના આ પ્રયાસો પુંછ અને અખ્નૂર ક્ષેત્રમાં ત્રાસવાદી હરકતો વધી છે એ ક્ષેત્રમાં આવેલા ગાઢ જંગલમાં ભારે પણ લગાડવામાં આવી છે. પુંછમાં ભારતીય સીમામાં આવેલી સૈન્ય ચોંકી સુધી પહોંચી જતા સેનાને હાઈએલર્ટ પર મુકવામાં આવી છે.

પુંછ રાજૌરી સહિતના જંગલોમાં હાલ ગાઢ શિયાળાના સમયમાં આ પ્રકારની વિશાળ આગએ અત્યંત અસામાન્ય ઘટના છે અને તેથી તે આગ ત્રાસવાદીઓને ઘુસાડવા માટે 'કવર' જેવું કામ કરે તેવું નિષ્ણાંત માનવું છે. આપણે હવે સરહદી ગામડાઓને પણ સુરક્ષિત કરવા માટે ખાસ પ્રયાસો થયા છે.

# ગતરાત્રે અમદાવાદનાં બોપલમાં દારૂની પાર્ટી બાદ ખાનગી ફાયરીંગની ઘટના : બે આરોપીની ધરપકડ

અમદાવાદ તા. ૨૭

અમદાવાદમાં દારૂ અને નશામાં ફાયરિંગ થયાની ઘટના બની છે. એટલું જ નહીં આરોપીઓ પાસેથી બીયર અને દારૂની બોટલ પણ મળી આવી છે. ૨૪ જેટલી બિયર અને એક સ્કોચની બોટલ પોલીસે કબજે કરી છે. જયારે પોલીસ પહોંચી ત્યારે બે લોકો પાંચમા માળેથી ચોથા માળની અગાસીમાં કૂદવાનો પ્રયાસ કર્યો હતો. આથી બન્નેને ઈજા પહોંચી છે. હાલ પોલીસે ગેરકાયદેસર હથિયાર રાખીને ફાયરિંગ કરવા સંદર્ભનો ગુનો દાખલ કર્યો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે ભેગા થયેલા લોકો દારૂની મેહફિલ માણવા માટે ભેગા થયા હતા. જેમાં કેટલાક જમીન દલાલ પણ છે. અને પિસ્તોલ મળી આવી છે જે લાયસન્સ વગરની હોવાનું સામે આવ્યું છે. હાલ સમગ્ર મામલે બોપલ પોલીસે આરોપીઓને પકડીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

ગત મોડીરાત્રે બોપલ વિસ્તારમાં મહાવીરસિંહ જાડેજા નામના એક વ્યક્તિએ ફાયરિંગ કર્યું હોવાની વિગત સામે આવી હતી. આ સંદર્ભે પોલીસની ટીમ ત્યાં પહોંચી હતી. જેમાં પોલીસને ૭ જીવતા કાર્ટિસ અને પિસ્તોલ મળી આવી હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે મહાવીરસિંહ જાડેજાએ કચ્છના ધમાભાઈ પાસેથી યુએસ મેડ પિસ્તોલ ખરીદી હતી. આ પિસ્તોલ સાથે સાત ખાલી કારતુસ પણ પોલીસને મળ્યા છે. પોલીસને આવતા બે લોકો ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જેમને સામાન્ય ઈજા થઈ છે.

# અમેરીકા મોકલવા માટે કબુતરબાજીનું મોટુ કૌભાંડ ૨૧ ગુજરાતીની ઓળખ થઈ : રેકેટની તપાસ થશે

અમદાવાદ,તા.૨૭

અમેરિકામાં કબૂતરબાજીનું મોટું કૌભાંડ સામે આવ્યું છે. ૨૭૬ ભારતીય પ્રવાસી સાથેના દુબઈથી નિકારાગુઆ જતી ચાર્ટર્ડ ફલાઈટને ફ્રાંસમાં માનવ તસ્કરીના મામલે અટકાવી દેવામાં આવી હતી. આ તમામ લોકો મેકિસકોની બોર્ડરથી ઘૂષણખોરી કરીને અમેરિકા જવાના હતા. આ પ્લેનના પ્રવાસીઓને ભારત પરત રવાના કરાયા છે. મુંબઈ એરપોર્ટ પર જે ૨૭૬ ભારતીયોને પાછા ધકેલાયા તેમાંથી ૨૧ ગુજરાતી છે. આ ૨૧ ગુજરાતીની વિગતો બહાર આવતા ગુજરાત પોલીસ સક્રિય બની ગઈ છે.

જોકે, સત્તાવાર તપાસ સોંપાય તે પહેલા ગાંધીનગર સીઆઈડી ક્રાઈમે આ તમામ ગુજરાતીઓના પરિવારજનોની વિગતો એકઠી કરી લીધી છે. અલબત્ત, હાલમાં તમામના પરિવારજનોએ મૌન ધારણ કરી લીધું છે.

પ્રાઈવેટ પ્લેન થકી નિકારાગુઆ જતા તમામ મુસાફરો અમેરિકામાં ઘુસણખોરી કરવાના હોવાની જાણ થતા ભારત સરકારના વિદેશ મંત્રાલયે તપાસ શરૂ કરી હતી. જોકે, હજી સુધી આ મામલે કોઈ નોડલ એજન્સીની સતાવાર રીતે રચના કે નિમણૂંક કરવામાં આવી નથી. આવા કિસ્સા બનતા હોય ત્યારે જે તે રાજયની સીઆઈડી ક્રાઈમ અથવા તો અન્ય કોઈ એજન્સીને તપાસ સોંપવામાં આવતી હોય છે.

જોકે ૨૧ ગુજરાતી કેવી રીતે ફ્રાંસ પહોંચી ગયા તે મામલે તો કોઈ મૌન સેવી રહ્યા છે.

૨૧ ગુજરાતી સોમવારની રાત્રે મુંબઈ એરપોર્ટ પર ઉતરી ગયા બાદ બાય રોડ પોતાના નિવાસસ્થાને પહોંચી ગયા હતા. ગાંધીનગર સીઆઈડી ક્રાઈમે તમામ લોકોના નામ સરનામા મેળવી પૂછપરછ હાથ ધરી છે.

# કુશ્તીબાજ વિવાદમાં રાહુલ ગાંધી હરીયાણા પહોંચ્યા અખડામાં બજરંગ પુનિયા સાથે મુલાકાત કરી

નવી દિલ્હી તા. ૨૭

રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને કુસ્તીબાજો વચ્ચેના વિવાદ વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી બુધવારે સવારે હરિયાણા પહોંચ્યા. અહીં તે ઝજ્જરમાં બજરંગ પુનિયાના ગામ છારાના અખાડામાં આવ્યા હતા જ્યાં તેણે પ્રેક્ટિસ કરી રહેલા કુસ્તીબાજોને મળ્યા હતા. આ દરમિયાન રાહુલે થોડા સમય માટે અખાડામાં બજરંગ પુનિયા પાસેથી કુશ્તીની ટ્રીક પણ શીખી હતી.

રાહુલ ગાંધી લગભગ અઢી કલાક સુધી મેદાનમાં રહ્યા હતા. તેણે WFI-રેસલર્સ વિવાદ અંગે નવા રેસલર્સ સાથે વાત કરી. આ પછી તેણે બજરંગ અને દીપક પુનિયાના કોચ વીરેન્દ્ર સાથે પણ વાત કરી.

રાહુલ ગાંધીની મુલાકાત પર બજરંગ પુનિયાએ કહ્યું- "રાહુલ અમારી દિનચર્યા અને ખેલાડીનું જીવન કેવું છે તે જોવા માટે મેદાનમાં આવ્યા હતા. અહીંથી તેઓ દિલ્હી જવા રવાના થયા હતા. પરત ફર્યા બાદ રાહુલ ગાંધીએ પૂછ્યું હતું કે જો આ ખેલાડીઓ, ભારતની દીકરીઓએ પોતાના અખાડામાં લડાઈ છોડીને રસ્તાઓ પર પોતાના હક અને ન્યાય માટે લડવું પડશે તો તેમના બાળકોને આ રસ્તો પસંદ કરવા માટે કોણ પ્રોત્સાહિત કરશે?

બજરંગ પુનિયાએ વડાપ્રધાનને અઢી પેજનો પત્ર લખ્યો અને તેમના નિવાસસ્થાનની બહાર ફૂટપાથ પર પદ્મશ્રી મૂક્યો. મંગળવારે વિનેશ ફોગાટે પીએમને બે પાનાનો પત્ર પણ લખ્યો હતો અને ખેલ રત્ન અને અર્જુન એવોર્ડ પરત કરવાની જાહેરાત કરી હતી.

# છેલ્લા ૭ માસમાં એનઆરઆઈએ ભારતમાં ૬.૧ અબજ ડોલર મોકલાવ્યા : ભારતીય અર્થતંત્રમાં વિશ્વાસ

નવી દિલ્હી, તા.૨૭

સમગ્ર વિશ્વમાં ભારતીય અર્થતંત્રનો ડંકો વાગી રહયો છે અને આવતા વર્ષોમાં વધુ મોટી અર્થ વ્યવસ્થા બની રહેવાના સંકેતો વચ્ચે વિદેશોમાં વસતા બિનનિવાસી ભારતીયો પણ ભારતમાં અઢળક નાણુ મોકલી રહ્યા છે. બિન નિવાસી ભારતીયોની ડીપોઝીટ ૩ અબજ ડોલરથી વધીને ૬ અબજ ડોલરે પહોંચી છે.

વિશ્વમાં અનેક સ્થળોએ ભૌગોલીક ટેન્શન, મોંઘવારી વચ્ચે આર્થિક સ્લોડાઉન વચ્ચે ભારત આશાનું કિરણ ગણાય છે. ભારતીય અર્થતંત્ર સમગ્ર દુનિયામાં સૌથી વધુ ઝડપી વિકાસ ગતિ હાંસલ કરવાનું હોવાના રીપોર્ટ મોટાભાગની આંતર રાષ્ટ્રીય એજન્સીઓએ જાહેર કર્યા છે. ત્યારે બિન નિવાસી ભારતીયોએ પણ ભારત પર જ ભરોસો મૂકયો હોય તેમ નાણાં સ્વદેશ મોકલવાની ગતિ વધારી દીધી છે. રિઝર્વ બેંકનાં માસીક રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યરું છે કે એપ્રિલથી ઓકટોબરનાં સાત મહિનામાં એનઆરઆઈ ડીપોઝીટ ૬ અબજ ડોલર થઈ છે. જે ગત વર્ષનાં આ સમય ગાળામાં ૩ અબજ ડોલર હતી.જાણકારોના કહેવા પ્રમાણે ઉંચા વ્યાજદરને કારણે ડીપોઝીટમાં વધારો થયો છે. સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડીયાનાં એફસીએનઆર (બી)માં ૫ ટકા વ્યાજ મળે છે જયારે અમેરિકન બેંકોમાં રીટર્ન ૩ ટકાથી ઓછુ છે.

અખાતનાં દેશોની બેંકોમાં પણ ભારતીય બેંકો જેટલુ રીટર્ન મળતુ નથી. વિદેશી મુદાનો પ્રવાહ વધારવા માટે રીઝર્વ બેક્કે કામચલાઉ ધોરણે કેસ રીઝર્વ તથા સ્ટેચ્યુરીટી લીકવીડીટી રેશીયોનાં નિયમો દુર કરી દીધા હતા.જેના પગલે બેંકોને વધારાના નાણાં મળ્યા હતા. એટલુ જ નહિં બેંકો આ ફંડ ઉંચુ રીટર્ન મળતા અન્ય

# ભારત જોડો બાદ હવે રાહુલ ગાંધી ન્યાય યાત્રા યોજશે મણીપુરથી મુંબઈ સુધી ૬૨૦૦ કી.મી.નો પ્રવાસ કરશે

નવી દિલ્હી તા. ૨૭

૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી ભારત ન્યાયયાત્રા શરૂ કરશે. તે ૧૪ જાન્યુઆરીએ મણિપુરથી શરૂ થશે અને ૨૦ માર્ચે મુંબઈમાં સમાપ્ત થશે.

આ સમયગાળા દરમિયાન યાત્રા ૧૪ રાજયો અને ૮૫ જિલ્લાઓને આવરી લેશે. રાહુલ ગાંધી બસ અને પગપાળા ૬,૨૦૦ કિલોમીટરથી વધુની મુસાફરી કરશે.

કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલ અને જયરામ રમેશે પાર્ટી હેડક્વાર્ટર ખાતે મીડિયાને જણાવ્યું કે ભારત જોડો યાત્રા પછી કોંગ્રેસ પાર્ટી ભારત ન્યાયયાત્રાનું સંચાલન કરશે. આ યાત્રા મણિપુરથી શરૂ થશે અને નાગાલેન્ડ, આસામ, મેઘાલય, બંગાળ, બિહાર, ઝારખંડ, ઓડિસા, છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાન થઈને મહારાષ્ટ્રમાં સમાપ્ત થશે. કોંગ્રેસના નેતાઓએ કહ્યું કે ભારત ન્યાયયાત્રાનો ઉદ્દેશ્ય આર્થિક, સામાજિક અને રાજકીય ન્યાય છે. પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે આ યાત્રાને લીલી ઝંડી આપશે. આ સિવાય ૨૮મી ડિસેમ્બરે કોંગ્રેસના સ્થાપના દિવસના અવસરે પાર્ટી નાગપુરમાં એક મેગા રેલીનું આયોજન કરશે. તેનું નામ છે- અમે તૈયાર છીએ. આ મેગા રેલી ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે એલાર્મ વગાડશે.


# રામનગરી અયોધ્યામાં ૩૦ ડીસેમ્બરે વડાપ્રધાન મોદીનો ભવ્ય રોડ-શો : તડામાર તૈયારી

અયોધ્યા, તા.૨૭

આગામી તા.૩૦ ડિસેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત કરવા માટે અયોધ્યા નગર સજ્જ થઈ ગયું છે. ઉત્તર પ્રદેશની ભાજપ સરકારે તૈયારીઓમાં કોઈ કચાશ રાખી નથી. એ દિવસે વડાપ્રધાન મોદી અયોધ્યામાં 'મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ ઈન્ટરનેશનલ એરપોર્ટ'નું ઉદઘાટન કરવાના છે. ઉદઘાટન કર્યા બાદ મોદી એરપોર્ટ નજીકના સ્થળે એક જાહેર સભાને સંબોધિત કરશે. ત્યાંથી તેઓ અયોધ્યા નગર તરફ જશે. એ માટે ૧૫ કિલોમીટર લાંબા રોડશોનું આયોજન કરવામાં આવ્યું છે. રોડશોના રૂટને 'ધરમ પથ' નામ આપવામાં આવ્યું છે. રોડશો રૂટ અયોધ્યા એરપોર્ટથી લતા મંગેશકર ક્રોસિંગ અને અયોધ્યા રેલવે સ્ટેશન વિસ્તારમાંથી પસાર થશે. સમગ્ર રૂટ પર અયોધ્યાના વિવિધ મઠ તથા મંદિરોના સાધુસંતો અને સ્થાનિક લોકો મોદીનું સ્વાગત કરશે. મોદી પર પુષ્પવર્ષા કરવામાં આવશે.

રોડશોમાં ત્રણ લાખ જેટલા લોકો સામેલ થાય એવી ધારણા છે. અયોધ્યા ડેવલપમેન્ટ ઓથોરિટીના જણાવ્યાનુસાર, સમગ્ર રૂટ પર ડેકોરેશન કરવામાં આવશે. રામાયણ કથાના પ્રકરણો અને ભગવાન શ્રી રામના જીવન સંબંધિત ઘટનાઓનું વર્ણન દર્શાવતા ચિત્રો પ્રદર્શિત કરવામાં આવશે

# અયોધ્યામાં મોદીનાં રોડ-શો દરમ્યાન હિંસા કરવાનું ખાલીસ્તાની આતંકવાદી પન્નુએ આહવાન કર્યુ : સુરક્ષા એજન્સીઓ સાબદી



નવી દિલ્હી, તા.૨૭:

ખાલિસ્તાની આતંકવાદી ગુરૂપતવંત સિંહ પન્નુ હવે ભારતના મુસલિમોને ભડકાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. અહેવાલ છે કે લેટેસ્ટ વીડિયોમાં તેણે અયોધ્યામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શો દરમિયાન હિંસા માટે અપીલ કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સુરક્ષા એજન્સીઓ નવીનતમ ઘટનાક્રમને લઈને એલર્ટ મોડ પર આવી ગઈ છે. પીએમ મોદી ૩૦ ડિસેમ્બરે અયોધ્યામાં અનેક કાર્યક્રમોમાં ભાગ લેવાના છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પન્નુએ 'યુપીના મુસ્લીમો'ને ૩૦ ડિસેમ્બરે અયોધ્યામાં યોજાનાર રોડ શોને નિશાન બનાવવા કહ્યું છે. એટલું જ નહીં, તેણે મુસ્લીમોને એક નવો દેશ 'ઉર્દૂસ્તાન' બનાવવા માટે પણ કહ્યું અને આરોપ લગાવ્યો કે ટૂંક સમયમાં ભારતમાં નમાઝ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવશે. ખાસ વાત એ છે કે પન્નુનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અયોધ્યામાં મંદિરના ઉદઘાટનની તૈયારીઓ ચાલી રહી છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે ભારત હવે આ અંગે અમેરિકા, બ્રિટન અને કેનેડા સાથે ઈનપુટ શેર કરવાની તૈયારી કરી રહ્યા છે. જોકે, આ અંગે ભારત સરકાર દ્વારા સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. ભારતે ૨૦૨૦માં પન્નુને આતંકવાદી તરીકે લિસ્ટ કર્યો હતો. આ પહેલા પણ તેણે ઘણી વખત ભારતમાં હુમલા અથવા તોડફોડની ધમકી આપી હતી.

ગયા અઠવાડિયે પણ પન્નુને પોતાને કાશ્મીર-ખાલિસ્તાન રેફરન્ડમ ફ્રન્ટના પ્રવક્તા ગણાવ્યા હતા. તેમણે જમ્મુ અને કાશ્મીરમાં ભારતીય સેનાના જવાનો પરના હુમલાનું પણ સમર્થન કર્યું અને કહ્યું કે આ હુમલો 'કાશ્મીરીઓ વિરુદ્ધ ભારતની હિંસાનું પરિણામ છે.' રિપોર્ટ અનુસાર, પન્નુએ કાશ્મીરને વિવાદિત વિસ્તાર ગણાવ્યો હતો અને કહ્યું હતું કે જનમત સંગ્રહ જ ઉકેલનો એકમાત્ર રસ્તો છે.

# ઈઝરાયેલી સૈનિકોની ક્રુરતા : પેલેસ્ટીનિયનોનાં મૃતદેહોમાંથી કીડની-લીવર, હૃદયનાં અંગોની ચોરી

તેલ અવીવ તા. ૨૭

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસના ચીફ લેફટનન્ટ જનરલ હેર્જી હાલેવીએ કહ્યું છે કે ગાઝામાં હમાસ વિરુદ્ધ યુદ્ધ ઘણા મહિનાઓ સુધી ચાલશે.

આ દરમિયાન અલ માયાદીનના અહેવાલ મુજબ ઈઝરાયલી સૈનિકો ગાઝામાં માર્યા ગયેલા પેલેસ્ટિનિયનોના મૃતદેહોની ચોરી કરી રહ્યા છે. સૈનિકો આ મૃતદેહોમાંથી કિડની, લીવર, હૃદય જેવાં અંગો ચોરી રહ્યા છે.

યુરો-મેડિટેરેનિયન હ્યુમન રાઈટ્સ મોનિટરને ટાંકીને અલ માયાદીનના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે- ઈઝરાયલની સેનાએ ૮૦ પેલેસ્ટાઈનીઓના મૃતદેહની ચોરી કરી અને તેમને -૪૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં રાખ્યા જેથી તેમનાં અંગો કાઢી શકાય.

હ્યુમન રાઈટ્સ મોનિટરે દાવો કર્યો છે કે ઈઝરાયલમાં પેલેસ્ટિનિયનોના મૃતદેહો જપ્ત કરવા કાયદેસર છે. હ્યુમન રાઈટ્સ મોનિટરનું કહેવું છે કે ૨૦૨૧ સુધી ઈઝરાયલમાં એક કાયદો પસાર કરવામાં આવ્યો હતો જે ઈઝરાયલના સૈનિકોને પેલેસ્ટિનિયનોના મૃતદેહ જપ્ત કરવાનો અધિકાર આપે છે. ત્યારબાદ ઈઝરાયલની મેડિકલ સ્કૂલોમાં આ મૃતદેહો અને અંગો પર પ્રયોગો કરવામાં આવે છે.

આ પહેલાં પણ ઈઝરાયલની સેના પર પેલેસ્ટાઈનીઓના મૃતદેહોને બુલડોઝરથી કચડી નાખવાનો અને ગાઝાના કબ્રસ્તાનોને ટેન્ક વડે નષ્ટ કરવાનો આરોપ છે.

# દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં કાતીલ શીતલહેર : ગાઢ ધુમ્મસની ચાદર

નવી દિલ્હી તા. ૨૭

દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસમાં એક્સપ્રેસ વે, યમુના એક્સપ્રેસ વે ખોવાઈ ગયો, વિઝીબિલિટી માંડ ૧૦ મીટર સુધીહતી જે ૩૦ ડિસેમ્બર સુધી ધુમ્મસ ચાલુ રહેવા આગાહી છે. હેડલાઈટ અને ફોગ લાઈટનો ઉપયોગ કરવો પડી રહયો છે. દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં કાતીલ ઠંડીનો જબ્બર કહેર યથાવત છે. દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તરપ્રદેશ, બિહાર સહિતના રાજ્યોમાં ગાઢ ધુમ્મસ છવાયું છે.

ધુમ્મસના કારણે દેશમાં ઘણી ટ્રેનો અને ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે. ઓછી વિઝિબિલિટીના કારણે ઘણી ટ્રેનો મોડી ચાલી રહી છે. અત્યાર સુધીમાં દિલ્હીથી ૧૨ ફ્લાઈટ્સ જયપુર લખનૌ તરફ ડાયવર્ટ કરવામાં આવી. દિલ્હી આવતી ટ્રેનો મોડી ચાલી રહી છે. દિલ્હીમાં ઠંડીને કારણે ઓરેન્જ એલર્ટ જારી.

# વડાપ્રધાન મોદીનો ડીજીટલ રેકોર્ડ : યુ-ટયુબ પર બે કરોડ સબ્સ્ક્રાઈબર ધરાવતા પ્રથમ નેતા



નવી દિલ્હી તા. ૨૭

નરેન્દ્ર મોદી યુટ્યુબ ચેનલે ભારત અને વિશ્વના અન્ય નેતાઓની યુટ્યુબ ચેનલોને વ્યુ અને સબસ્ક્રાઈબર્સની બાબતમાં પાછળ છોડી દીધા છે. મોદી વિશ્વના ૨ કરોડ સબસ્ક્રાઈબર ધરાવનારા પ્રથમ નેતા બની ગયા છે. પીએમ મોદી હંમેશા ડિજિટલના પક્ષમાં રહ્યા છે. તેમની ગણતરી એવા ભારતના નેતાઓમાં થાય છે.

જેમણે ડિજિટલ લેન્સ દ્વારા રાજનીતિની દુનિયાને સૌપ્રથમ જોઈ હતી હવે પીએમ મોદી યુટ્યુબ ચેનલ વિશ્વના અન્ય કોઈ નેતાની યુટ્યુબ ચેનલ કરતા વધુ સબસ્ક્રાઈબર ધરાવતી ચેનલ બની ગઈ છે. પીએમ મોદીની યુટ્યુબ ચેનલ નરેન્દ્ર મોદીના ૨ કરોડથી વધુ સબસ્ક્રાઈબર્સ છે.

પીએમની ચેનલની સૌથી ખાસ વાત એ છે કે, તેના પર અપલોડ કરવામાં આવેલા વીડિયોને લોકો પસંદ કરે છે અને લાઈક પણ કરે છે. ઘણીવાર કોઈ વીડિયોને સેકન્ડમાં જ લાખો વ્યૂ મળી જાય છે. જ્યારે રાહુલ ગાંધીની યુટ્યુબ ચેનલે ૨૦૨૩માં ૨૨.૫ લાખ સબ્સ્ક્રાઈબર્સ મેળવ્યા છે, ત્યારે નરેન્દ્ર મોદી ચેનલે ૨૦૨૩માં ૬૩ લાખ સબ્સ્ક્રાઈબર્સ સાથે લગભગ ત્રણ ગણો વધારો કર્યો છે.

પીએમ મોદી પછી તેમની યુટ્યુબ ચેનલ પર સૌથી વધુ સબસ્ક્રાઈબર્સ ધરાવતા વિશ્વના કોઈપણ નેતાનું નામ બ્રાઝિલના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જેયર બોલસોનોરાનું છે. તેની ચેનલ પર ૬૪ લાખથી વધુ સબસ્ક્રાઈબર્સ છે.


**ૐ નેચર કયોર સેન્ટર**
**ડો. સી.ડી. ઓઝા**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**
**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



# જૂનાગઢ જીલ્લા કક્ષાની સૂર્ય નમસ્કાર સ્પર્ધા ઉપરકોટ ખાતે યોજાઈ

## જીલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર ૯ સ્પર્ધકો જૂનાગઢનું પ્રતિનિધિત્વ રાજ્યકક્ષાએ કરશે : જૂનાગઢ જિલ્લા કક્ષાની સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં નવ તાલુકાના ૫૮ સ્પર્ધકો સહભાગી થયા





જૂનાગઢ, તા.૨૭ રમત-ગમત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ પ્રેરિત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત જૂનાગઢ જિલ્લા કક્ષાની સૂર્યનમસ્કાર સ્પર્ધા ઉપરકોટ ખાતે યોજાઈ હતી. જિલ્લા કક્ષાની સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર ૯ સ્પર્ધકો જૂનાગઢનું પ્રતિનિધિત્વ રાજ્યકક્ષાએ કરશે.

ઘર ઘર સુધી યોગ પહોંચે એ હેતુથી શરૂ કરવામાં આવેલ સૂર્ય નમસ્કાર સ્પર્ધા ગ્રામ્ય કક્ષા, વોર્ડ કક્ષા, તાલુકા કક્ષા, નગરપાલિકા એ યોજાયા બાદ આજે જૂનાગઢ જિલ્લા કક્ષાની સ્પર્ધા ઐતિહાસિક ઉપરકોટ ખાતે યોજાઈ હતી. જેમાં જૂનાગઢ જિલ્લાના નવ તાલુકાના વિજેતા થયેલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.ઉપરકોટ ખાતે જિલ્લા કક્ષાની યોજાયેલી આ સ્પર્ધામાં ૫૮ માંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર આગામી સમયમાં જૂનાગઢનું પ્રતિનિધિત્વ રાજ્યકક્ષાએ કરશે.

આ વિજેતાઓમાં પ્રથમ ક્રમે ભાઈઓમાં હર્ષ રાઠોડ, બહેનોમાં અપેક્ષા ધાધલ,દ્વિતીય ક્રમે ભાઈઓમાં રોનક ગોહેલ, બહેનમાં હેમાંશી પોસ્તરિયા,તૃતીય ક્રમે ભાઈઓમાં સંસ્કાર અંજની,બહેનમાં માકડીયા રિયાબેન વિજેતા રહ્યા હતા.

જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમરના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ સ્પર્ધામાં પ્રાસંગિક ઉદબોધનમાં તેમણે જણાવ્યું હતું કે, ભારત દેશ વિશ્વ ગુરૂ બનવા જઈ રહ્યો છે ત્યારે દેશના નાગરિકો સારી રીતે સ્વસ્થ જીવન જીવે એ માટે યોગ ખૂબ જરૂરી છે. સ્વસ્થ અને દીર્ઘાયું જીવન જીવવા માટે યોગને આપની આપણી જીવનશૈલી નો એક ભાગ બનાવીએએ જરૂરી છે.તેમણે ઉમેર્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી રમત-ગમત અને યોગને પ્રોત્સાહન મળી રહ્યું છે.ખેલે ગુજરાત જેવા કાર્યક્રમો થકી યુવાનોની પ્રતિભા બહાર આવી છે.તેમણે જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી નીતાબેન વાળા અને જૂનાગઢ જિલ્લાના યોગ કોર્ડીનેટર ચેતનાબેન ગજેરાને તેમની કામગીરી માટે બિરદાવ્યા હતા. કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લાના કોઓર્ડીનેટર ચેતનાબેન ગજેરા એ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને જિલ્લા કક્ષાની સૂર્યનમસ્કાર સ્પર્ધા અંગે વિગતવાર જાણકારી આપી હતી.કાર્યક્રમના આરંભે શાબ્દિક સ્વાગત જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા દ્વારા કરવામાં આવ્યું હતું.આભાર વિધિ પ્રાંત યુવા વિકાસ અધિકારી શ્રી હિતેશભાઈ ડાંગરે કરી હતી. કાર્યક્રમમાં યોગનિદર્શન કાંબલીયા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએની રજૂ કર્યું હતું. કાર્યક્રમના આરંભે યોગ પ્રાગટ્ય કેશોદની સરકારી હાઈસ્કૂલના વિદ્યાર્થી હર્ષ રાઠોડ એ કર્યું હતું. આ પ્રસંગે કન્વીનરો, યોગ શિક્ષકો, ટ્રેનર, કોચ અને યોગ સાધકો ઉપસ્થિત રહ્યા હતા.

# આશિર્વાદે લોટના ક્વોલિટી સર્ટિફિકેટ દ્વારા ગ્રાહકોનું સશક્તિકરણ કર્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૭ ભારતની નંબર વન લોટ બ્રાન્ડ આશિર્વાદે એક નોંધપાત્ર પહેલ હેઠળ તેના નવા 'લીખ કે લે લો' અભિયાનનું અનાવરણ કર્યું હતું, જેનો હેતુ ગ્રાહકોને લોટના નિર્ણાયક ગુણવત્તા માપદંડોની વિગતવાર સમજ સાથે સશક્ત બનાવવાનો છે. જે તેમને એક માહિતીસભર પસંદગી કરવામાં મદદ કરશે.

બ્રાન્ડેડ લોટ સેગમેન્ટમાં એક જવાબદાર માર્કેટ લીડર તરીકે, આશિર્વાદ પારદર્શિતા અને વિશ્વાસને પ્રોત્સાહન આપવા માટે વ્યકિતગત 'ક્વોલિટી સર્ટિફિકેટ' રજૂ કરે છે. આશિર્વાદ શુદ્ધ ચક્કી આટાનું દરેક પેક ક્યૂઆર કોડ સાથે આવે છે, જે ગ્રાહકોને તેમના પોતાના આટા પેકને લગતી માહિતી પૂરી પાડશે, જે બ્રાન્ડ્સની બેજોડ ગુણવત્તાની પ્રતિજ્ઞાને મજબૂત બનાવશે.

પ્રમાણપત્રમાં અનાજથી લોટ સુધીની શ્રેષ્ઠતાની યાત્રાને પ્રકાશિત કરતી માહિતીને આવરી લેવામાં આવી છે - સ્ત્રોત:આશિર્વાદ લોટ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને પંજાબ રાજ્યોમાંથી ઘઉંની ખરીદી કરે છે, જે ત્યારબાદ ૪૦થી વધુ ગુણવત્તા નિયંત્રણ પરીક્ષણોમાંથી પસાર થાય છે. ગ્રાઈન્ડિંગ : ઘઉંમાં કોઈ પ્રકારની અશુદ્ધિઓ ન હોય તે સુનિશ્ચિત કરવા માટે ત્રિસ્તરીય કડક સફાઈ પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. ત્યારબાદ તે પરંપરાગત પથ્થરની ચક્કી ગ્રાઈન્ડીંગમાંથી પસાર થાય છે જે પાણીનું વધુ શોષણ કરે છે જેનાથી રોટલી બિલકુલ નરમ બને છે. શુદ્ધતાઃ આશિર્વાદ ૧૦૦% લોટ અને ૦% મેંદાની શુદ્ધતાનું વચન આપે છે. માનવસ્પર્શ રહિત અને સંપૂર્ણ ચોકસાઈથી પેક કરવામાં આવતા આશિર્વાદ લોટનું પેકિંગ, નિયંત્રિત ભેજનું સ્તર જળવાઈ રહે તે સુનિશ્ચિત કરી અત્યંત આરોગ્યપ્રદ પ્રક્રિયા દ્વારા કરાય છે, જે તેને

**ત્રણ મહિના સુધીની શેલ્ફ લાઇફ આપે છે**

આ અભિયાન અંગે માહિતી આપતા આઈટીસી ફૂડ્સના સ્ટેપલ્સ એન્ડ એડજેન્સીસના સીઓઓ શ્રી અનુજ કુમાર રસ્તોગીએ જણાવ્યું હતું કે, 'લીખ કે લે લો' અભિયાન સાથે જ આશિર્વાદના ગુણવત્તા અને શુદ્ધતાના વારસાએ એક નવી હરણફાળ ભરી છે. તે સર્વોત્તમ ગુણવત્તા ધરાવતો ઘઉંનો લોટ ઉપલબ્ધ બનાવવાની અમારી અડગ પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ અભિયાનને વધુ વ્યાપક બનાવવા અને ગ્રાહકો સુધી અસરકારક રીતે સંદેશ પહોંચાડવા માટે, આશિર્વાદે લોકપ્રિય ટીવી સ્ટાર રૂપાલી ગાંગુલીને સામેલ કરી છે અને એક ટીવીસી અભિયાન હાથ ધર્યું છે. જેમાં તેઓ આશિર્વાદ લોટના 'ક્વોલિટી સર્ટિફિકેટ' ફીચરનું મૂલ્યાંકન કરતી જોવા મળશે. TVC link: https://youtu.be/iFqqEJH4Mnw?si=rPGsYAyW0F25xcGb

## ગિરનાર પર્વત ઉપર ભગવાન ગુરૂદત્તાત્રેય જયંતિની ઉજવણી



જૂનાગઢ, તા.૨૭ : ભગવાન ગુરૂદત્તાત્રેયની જયંતિ પર્વે ગિરનાર પર્વત ઉપર ગુરૂદત્ત શિખર મંદિર ઉપર લાખોની સંખ્યામા ભાવિકજનો ઉમટી પડ્યા હતા, લાંબી લાઈનો દર્શનની લાગી હતી. ગુરૂ શિખર ઉપર વહેલી સવારે પાદુકા પુજન અને ત્યારબાદ દત્ત યાગ યજ્ઞ યોજાયો હતો જેના દર્શન કરી ભાવિકજનોએ ધન્યતા અનુભવી હતી.

# અદાણી ગ્રીનની ઇક્વીટીમાં પ્રમોટર્સ રૂા.૯,૩૫૦ કરોડનું રોકાણ કરશે

## કચ્છના ખાવડામાં દુનિયાના સૌથી મોટા સોલાર પાર્કને હકિકતમાં પલટાવવા આ ભંડોળથી પોલાદી તાકાત મળશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૭ ભારતની સૌથી મોટી અને વિશ્વની અગ્રણી રિન્યુએબલ એનર્જી વિકાસકાર અદાણી ગ્રીન એનર્જી લિ. ("AGEL"),એ કરેલી જાહેરાતમાં જણાવ્યું છે કે AGELના બોર્ડ ઓફ ડિરેક્ટર્સએ કંપનીના પ્રમોટર્સને રૂા. ૯,૩૫૦ કરોડ ( USD ૧,૧૨૫ મિલિયન સમકક્ષ) ની રકમ માટે સેબી ICDR નિયમનોની ગણતરીના આધારે શેરદીઠ રૂા.૧,૪૮૦.૭૫ના ભાવે પ્રેફરન્શિયલ વોરંટ ઈશ્યૂ કરવાની મંજૂરી આપી છે. આ બાબત તા.૧૮મી જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ નિર્ધારીત અસાધારણ સામાન્ય સભા (EGM) માં નિયમનકારી અને વૈધાનિક સત્તાવાળાઓ તેમજ કંપનીના શેરધારકોની મંજૂરીને આધીન છે. આ ભંડોળનો ઉપયોગ ડિલિવરેજિંગ અને ઝડપી મૂડી ખર્ચ માટે કરવામાં આવશે. આ સાથે હવે છર્ચ્ઈ- ચાલુ દાયકાના અંત સુધીમાં જેમાં ૨૦.૬ ગિગાવોટની બંધ ક્ષમતા સાથે ૪૫ ગિગાવોટના નિર્ધારિત લક્ષ્યાંકને હાંસલ કરવા સંપૂર્ણ સજ્જ છે. ભારતના સંસાધન સમૃદ્ધ વિસ્તારોમાં બે લાખ એકર (૪૦ ગિગાવોટથી વધુ ઉત્પાદન ક્ષમતાની સમકક્ષ) સુરક્ષિત જમીન અને વધારાની રુ.૯,૩૫૦ કરોડનીઈક્વિટીનું રોકાણ આ નિર્ધારિત લક્ષ્યને પૂર્ણપણે સિધ્ધ કરવા ભંડોળ પૂરૂ પાડશે. અદાણી ઉદ્યોગ સમૂહના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે "ભારત રીન્યુએબલ એનર્જીમાં વૈશ્વિક અગ્રણી બનવાના ઉંબરે આવી ઉભું છે અને અદાણી ગ્રીન એનર્જી આ ક્રાંતિમાં મોખરે છે. સ્વચ્છ ઉર્જાનું આપણા રાષ્ટ્રનું સ્વપ્ન સાકાર કરવા માટે પણ એક સમાન ઉર્જા સંક્રમણ માટે અમે એક તરફ પરંપરાગત ઉર્જા સ્ત્રોતોને તબદીલ કરી રહ્યા છીએ તેની સાથો સાથ ઝડપી વિકાસ અને વિકાસ યોજનાને વેગ આપવા માટે અમે પોસાય તેવા હરીયાળા વિકલ્પોને તબક્કાવાર અપનાવી રહ્યા છીએ.આ ભંડોળ ઉમેરવા સાથે અદાણી ગ્રીન એનર્જી લિ.એ તેની ઝડપી વૃદ્ધિના માર્ગને હાંસલ કરવા માટે વધુ સાનુકૂળ સ્થિતિ ધારણ કરી છે". અગાઉ અદાણી ગ્રીન એનર્જી લિ.એ ગુજરાતના કચ્છના ખાવડા વિસ્તારમાં ભારતના સૌથી મોટા સોલાર પાર્કમાં ૨,૧૬૭ મેગાવોટના સોલાર પાવર પ્રોજેક્ટના નિર્માણની બાંધકામ સુવિધા



માટે ૮ આંતર રાષ્ટ્રીય બેંકો દ્વારા USD ૧.૩૬ બિલિયનના ધિરાણની જાહેરાત કરી હતી. વધુમાં કંપનીએ USD ૧.૪૨૫ બિલિયન ઈક્વિટી મૂડીની જાહેરાત કરી છે પ્રમોટર્સ દ્વારા પ્રેફરન્શિયલ ઈશ્યુ કરવાથી USD ૧.૧૨૫ બિલિયન અને ટોટલેનેર્ગીએસ સાથેના સંયુક્ત સાહસ તરફથી USD ૩૦૦ મિલિયન અર્થાત USD ૩ બિલિયન જેટલો મૂડી રોકાણમાં વધારો થતા આ પ્રોજેકટને નિર્ધારીત આગળ લક્ષ્ય તરફ આગળ વધવામાં બળ મળશે.

લાંબા ગાળાના રોકાણકારો, વ્યૂહાત્મક ભાગીદારો, નાણાકીય સંસ્થાઓ અને બેંકો દ્વારા મળેલો જોરદાર સહયોગ આ પ્રોજેકટને મૂર્તિમંત કરવા માટે પ્રમોટર્સની સતત પ્રતિબદ્ધતામાં ભરોસો અને ઊંડો રસ દર્શાવે છે, જેણે ૨૦૩૦ સુધીમાં ભારતમાં ૪૫ ગિગાવોટની નવીનીકરણીય ક્ષમતા ઉમેરવાના અદાણી ગ્રીન એનર્જી લિ.ની લક્ષિત મહત્વાકાંક્ષાને હાંસલ કરવાના હોંસલાને બુલંદી પૂરી પાડી છે.

# SVPI એરપોર્ટ માટે રેકોર્ડ્સ અને નવીનતાઓસાથે ૨૦૨૩ પુર્ણાહુતિને આરે

## સર્વોચ્ચ પેસેન્જર ટ્રાફિક, ઈન્ફ્રાસ્ટ્રક્ચરઅપગ્રેડસહિત એરલાઈન્સ કનેક્ટીવીટીની સિદ્ધિઓ

(પ્રતિનિધિ દ્વારા)







અમદાવાદ, તા.૨૭ અમદાવાદના ગૌરવ સમુસરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ કેટલાયસુધારા-વધારા અને નવીન વિક્રમ સર્જનોસાથે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાના કેન્દ્રમાં રહ્યું. ૨૦૨૩માં સૌથી વધુ મુસાફરોએ અમદાવાદ એરપોર્ટ પરથી મુસાફરી કરી હતી.

**પેસેન્જર ટ્રાફિક**

ક્રિકેટ વર્લ્ડકપની ફાઈનલ મેચો દરમ્યાન સતત ત્રણ દિવસ અમદાવાદ એરપોર્ટ ઉપર એક જ દિવસમાં સૌથી વધુ ૪૨૨૨૪ મુસાફરોએ અવરજવર કરી હતી. ૨૦મી નવેમ્બરેસૌથી વધુ સંખ્યામાં પ્રવાસીઓનો વિક્રમ સર્જાયોહતો.આ સાથે જ ૧૯મી નવેમ્બરના રોજ SVPI એરપોર્ટ ઉપર એક દિવસમાં સૌથી વધુ ૩૫૯ એરક્રાફ્ટ મૂવમેન્ટ્સ નોંધાઈ હતી. જેમાં૯૯ નોન-શિડ્યુલ્ડ ફ્લાઈટ મૂવમેન્ટ સાથે અત્યાર સુધીની સૌથી વધુ નોન-શિડ્યુલ્ડ ફ્લાઈટ મૂવમેન્ટ્સના રેકોર્ડ સાથે ખાસ રહ્યું હતું.આ અસાધારણ સિદ્ધિઓ SVPI એરપોર્ટ પર સતત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપડેટ્સ અને સુધારાઓનું પરિણામ છે. તે AAI, CISF, ઈમિગ્રેશન, કસ્ટમ્સ, એરલાઈન્સ અને SVPI એરપોર્ટ ટીમ સહિત એરપોર્ટ સ્ટાફની સમર્પિત અને સખત મહેનતનું પ્રમાણ છે.

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર**

મુસાફરો માટે આરામદાયક સુવિધાઓ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ અને સુધારાઓવિના અશક્ય છે. આ વર્ષે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, અપગ્રેડ અને ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવું મહત્વપૂર્ણરહ્યું હતું. ડોમેસ્ટિક ટર્મિનલમાં નવા સિક્યુરિટી ચેક એરિયા, ૫૦% વધુ જગ્યા ઉમેરવા, બેસવાની ક્ષમતામાં વધારો અને વધારાના એક્સ-રે મશીનો અને મેટલ ડિટેક્ટર જેવા અનેક પરિચય સાથે વર્ષની શરૂઆત થઈ. સુરક્ષા સાથે ટેક્નોલોજીમાં ઉમેરો કરવા માટે આ વર્ષે નવા ઈ-ગેટ્સ રજૂ કરવામાં આવ્યા હતા.

વધુમાં નવા ડ્રોપ-ઓફ અને પિક-અપ વિસ્તારો વિકસાવવામાં આવ્યા અને સ્થાનિક ટર્મિનલની બહાર મુસાફરોના ઉપયોગ માટે કાર્યરત કરવામાં આવ્યા હતા. અગાઉમુસાફરોને પિકઅપ અને ડ્રોપ કરવા આવતા સંબંધીઓ અને મિત્રો માટે માત્ર ૨ લેન અને મર્યાદિત વિકલ્પો હતા. તે ૬ લેન, મોટી પાર્કિંગ જગ્યાઓ, વધુ બેઠક વિસ્તાર અને બહુવિધ રિફ્રેશમેન્ટ વિકલ્પોમાં બદલાઈ ગયા છે.

સીમલેસ પેસેન્જર અનુભવને વધારવાવર્ષ-૨૦૨૩ દરમ્યાન ડોમેસ્ટિક-ટુ-ડોમેસ્ટિક ટ્રાન્સફર અને ઈન્ટરનેશનલ-ટુ-ઈન્ટરનેશનલ ટ્રાન્સફર સુવિધાઓ ઉમેરવામાં આવી હતી. ટ્રાન્સફર સુવિધાઓ જરૂરી સિક્યુરીટીચેક અને અન્ય પ્રોટોકોલ્સમાં પ્રોસેસિંગ સમય ઘટાડાની ખાતરી આપે છે.

ઈન્ટરનેશનલ ટર્મિનલ ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારાઓએ ખાસ કરીને આંતરરાષ્ટ્રીય પેસેન્જર્સ અને એરલાઈન્સની મુવમેન્ટ્સ વધારવામાં મદદ કરી છે. ટર્મિનલ સ્પેસમાં ૨૫૫૦ ચો.મી. વિસ્તારમાં ફેલાયેલા નવા ઈમિગ્રેશન કાઉન્ટર્સ હેરીટેઝ સીટીની કળા, સિટીસ્કેપ અને સંસ્કૃતિની ઝલક દર્શાવતા ૨૪ અત્યાધુનિક ઈમિગ્રેશન કાઉન્ટર્સ ધરાવે છે.

આ વિસ્તરણનો ઉદ્દેશ્ય એરપોર્ટ ઉપરથી પસાર થતા લાખો મુસાફરો માટે સરળ અને વધુ કાર્યક્ષમ આવાગમનના અનુભવોને સુનિશ્ચિત કરવાનો છે. આ સાથે જ એક નવો ડિપાર્ચર ઈમિગ્રેશન વિસ્તાર પણ વિકસાવવામાં આવ્યો અને પેસેન્જરોની અવરજવર માટે ખોલવામાં આવ્યો હતો.

**નવી એરલાઇન્સ**

નવી એરલાઈન્સે અમદાવાદ એરપોર્ટથી મુસાફરો માટે વધુ આંતરરાષ્ટ્રીય સ્થળો ઉમેર્યા છે. ફ્લાય બગદાદ અને થાઈ એરેસિયા જેવી નવી એરલાઈન્સે અમદાવાદ એરપોર્ટ ઉપરથી કામગીરી શરૂ કરી હતી. વિયેટ જેટ વિયેતનામના બે સ્થળોને દૈનિક ફ્લાઈટ્સથી જોડે છે; ફ્લાય બગદાદ અઠવાડિયે બે વખત સીધું નજફ સાથે જોડાય છે. થાઈ એરએશિયા અઠવાડિયામાં ત્રણ વખત ડોન નુએંગ સાથે જોડાય છે. અન્ય એરલાઈન્સે આ વર્ષ દરમિયાન તેમના આવર્તન અને રૂટમાં વધારો કર્યો છે. મલેશિયા એરલાઈન્સે સાપ્તાહિક ૪ ફ્રીક્વન્સીઝ સાથે કુઆલાલંપુર માટે સીધી ફ્લાઈટ શરૂ કરી અને તુર્કી એરલાઈન દ્વારા એક માલવાહક પણ વર્ષ દરમ્યાન શરૂ થયું. એરલાઈન્સે અમદાવાદને જોડતા અનેકસ્થળો ઉમેર્યા જેમ કે પંતનગર, શ્રીનગર, દીવ, જેસલમેર અને અગરતલા વાયા કોલકાતા, દુર્ગાપુર વાયા દિલ્હી, કોઈમ્બતુર વાયા હૈદરાબાદ અને ચેન્નાઈ, વિશાખાપટ્ટનમ વાયા હૈદરાબાદ, પોર્ટ બ્લેર વાયા ચેન્નાઈ અને નાસિક, ગોવા-MOPA, પુણે, કોલકાતામાં વધારોઅને લખનૌ.

વર્ષ ૨૦૨૩ દરમ્યાન ૮૨૦ બેઠક અને ક્રિકેટ વર્લ્ડકપ જેવા આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સ માટે અમદાવાદ એરપોર્ટ પ્રથમ કનેક્ટિંગ પોઈન્ટ રહ્યું. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડિંગ અને બહેતર કનેક્ટિવિટી પર ધ્યાન કેન્દ્રિત કરવુ એ ગુજરાતનાવિકાસ માટે એરપોર્ટની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

### જૂનાગઢ ફુલીયા હનુમાન મંદિર પાસે આવેલ

# કોળી સમાજના કાર્યાલય ખાતે જૂનાગઢ કોળી સમાજની અગત્યની બેઠક મળશે

જૂનાગઢ, તા. ૨૭ આગામી તા. ૩૧/૧૨/૨૦૨૩ રવિવારે સાંજે ૫ થી ૬-૩૦ કલાકે જૂનાગઢ ફુલીયા હનુમાન મંદિર પાસે આવેલ કોળી સમાજના કાર્યાલય ખાતે જૂનાગઢ સમસ્ત કોળી સમાજની અગત્યની બેઠક મળશે જેમાં મુખ્ય ચર્ચા આગામી તા.૧૪ જાન્યુઆરી એ જૂનાગઢ ખાતે કોળી સમાજના ઈષ્ટદેવ મહારાજા માંધાતા પ્રાગટ્ય ઉત્સવની તૈયારી બાબતે તથા થોડા સમય પહેલાં જૂનાગઢ લીલી પરિક્રમામાં કોળી સમાજની દિકરીનું દિપડાના હુમલાથી મોત થયું હતું જે દિકરી ને અને દિકરીના પરિવારને હજુ સુધી સરકાર દ્વારા ન્યાય અને વળતર આપવામાં આવ્યું નથી એ બાબતે ચર્ચા કરવા તથા જૂનાગઢ સમસ્ત કોળી સમાજની એકતા સંગઠન બાબતે ખાસ ચર્ચા કરવામાં આવશે તો આ બેઠકમાં સમસ્ત કોળી સમાજના આગેવાનો ભાઈઓ અને બહેનોને હાજરી આપવા નિમંત્રણ પાઠવવામાં આવે છે. તેમ બટુકભાઈ મકવાણા, કાળુભાઈ કડીવાર, મનાદિપભાઈ મકવાણા, રમેશભાઈ બાવળીયા કે ડી સાગરકા કાનાભાઈ ઘરસંડા, જીતેન્દ્રભાઈ રાનેરા ની યાદીમાં જણાવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# હૃદયરોગનાં વધી રહેલા હુમલા : લોકોએ સાવચેતી રાખવાની જરૂર

શિયાળો આવતાં જ હૃદય રોગની પ્રબળતા વધી જાય છે અને હૃદયરોગના હુમલા વધવા લાગે છે. યુવાઓમાં પણ હૃદય રોગની ફરિયાદ જે રીતે વધી રહી છે, તે વિશેષ રૂપે ચિંતાનું કારણ બની છે. માત્ર ૪૭ વર્ષીય અભિનેતા શ્રેયસ તલપડેને પણ હાર્ટ એટેક આવ્યો અને તેણે એન્જિયોપ્લાસ્ટી કરાવવી પડી. તલપડે હસમુખ પ્રવૃત્તિ અને પાતળા બાંધાનું શરીર ધરાવે છે, છતાં તેને આવેલ એટેક ચિંતાજનક છે. ગત વર્ષોમાં કેટલાય યુવા અભિનેતાઓને એટેક આવ્યા અને સમયસર તેમને ઉપચારનો લાભ ન મળી શક્યો. એ વાત સ્પષ્ટ છે કે બદલાતી જીવનશૈલી સાથે હૃદયરોગ પ્રત્યે લોકોએ જેટલું સચેત રહેવું જોઈએ એટલું નથી રહેતા. એવું નથી કે હૃદય સંબંધી ફરિયાદો માત્ર ભારતમાં વધી રહી છે. તુર્કીના એક વિપક્ષી નેતા હસન બિટમેજનું ગયા અઠવાડિયે નિધન થઈ ગયું. તેઓ ઈઝરાયલ વિરુદ્ધ પોતાનું ભાષણ આપ્યા બાદ મંચ પર જ ઢળી પડ્યા હતા અને તેમની ઉંમર માત્ર ૫૪ વર્ષ હતી.

એવા અનેક વીડિયો છે જેમાં લોકો નાચતા-ચાલતા કે બોલતા-બોલતા હૃદયાઘાતનો શિકાર થતા જોવા મળ્યા છે. શું આપણી દુનિયા હૃદય રોગોના મુકાબલા માટે પૂરી રીતે તૈયાર નથી? ભારતમાં તો હૃદયરોગને લઈને વધુ અધ્યયન નથી થયાં પરંતુ અમેરિકામાં થયેલ અધ્યયનથી ખબર પડે છે કે શિયાળાના દિવસોમાં હૃદયરોગના હુમલામાં ૩૦ ટકાનો વધારો થઈ જાય છે. કેટલાક ડોક્ટરો જણાવે છે કે ગરમીના દિવસોમાં તુલનામાં હૃદયરોગના બેગણા હુમલા ઠંડીના દિવસોમાં આવે છે. પારંપરિક રૂપે જો જોઈએ તો ભારતમાં પણ વૃદ્ધો માટે શિયાળાની સિઝન ચિંતાજનક ગણાવાઈ છે. ઘણા માટે ૧૫ ડિસેમ્બરથી લઈને મકરસંક્રાંતિ પહેલાં સુધીની રાતો મહાપરાણે કપાય છે. એવામાં શિયાળામાં સ્વાસ્થ્ય પ્રત્યે વધુ જાગરુકતા અનિવાર્ય છે. યોગ્ય ખાનપાન ઉપરાંત પોતાની દિનચર્યાને એવી રાખવી જોઈએ, જેથી શરીરમાં સ્વાભાવિક રૂપે ઉષ્મા જળવાઈ રહે. શરીર ચલાવવું અને વધુને વધુ પગપાળા ચાલવું જરૂરી છે, જ્યારે લોકો શિયાળામાં એક જ જગ્યાએ પડી રહેવાનું પસંદ કરે છે.

જોકે પાછલાં ત્રણ વર્ષોથી ભારતમાં હૃદય સંબંધી ફરિયાદોને કોવિડ મહામારીથી જોડીને પણ જોવામાં આવે છે. ચિકિત્સકોની સલાહ પણ છે કે જે લોકોને કોવિડ થયો હતો તેમને કેટલાક વર્ષ સતર્કતાથી વિતાવવા જોઈએ, વધુ શારીરિક મહેનતથી બચવું જોઈએ. આંકડા સાક્ષી છે કે ભારતમાં એકલા ૨૦૨૨માં હૃદયરોગ હુમલામાં ૧૨.૫ ટકાનો વધારો થયો છે. રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરો હાલના આંકડાથી ખબર પડે છે કે ૨૦૨૧માં ૨૮૪૧૩ લોકોના હાર્ટ એટેકથી મોત થયાં હતાં, જ્યારે ૨૦૨૨માં ૩૨૪૫૭ લોકોનાં મોત થયાં. સૌથી દુઃખદ તો હાર્ટ એટેકથી લગભગ અડધા કેસો સાયલન્ટ હોય છે, જેને લોકો સમજી પણ નથી શકતા. હૃદય સંબંધી ફરિયાદ કોઈપણ ઉંમરમાં હોઇ શકે છે. ચિકિત્સક સલાહ આપે છે કે શરીરના સૂ-મ સંકેતો પર ધ્યાન આપવું જોઈએ.

બુનિયાદી રૂપે એ માનવામાં આવે છે કે કોઈપણ રીતે તણાવ લેવો ઘાતક થઈ શકે છે. પરંતુ શારીરિક સક્રિયતાથી કોઈપણ પ્રકારના તણાવને સંતુલિત કરી શકાય છે. બચાવના તમામ ચિકિત્સકીય ઉપાયોથી વધુ જરૂરી છે કે પોતાના શરીરમાં થઈ રહેલ તકલીફની બીજાઓ સાથે ચર્ચા કરવી, જેથી યોગ્ય પરામર્શ અને ઉપચાર સુધી પહોંચી શકાય.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

દુઃખથી ગભરાવ નહીં, પરિશ્રમ કરો.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.અમરદાદ-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, માગસર વદ-૧ ઈષ્ટી તા.૨૭ ડિસેમ્બર ૨૦૨૩, બુધવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૧૩, આર્દ્રા નક્ષત્ર, બ્રહ્મ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૩૨, સૂ.અ.૬:૧૩

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ સંભવ છે.
વૃષભ:જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.
મિથુન:સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.
કર્કઃ ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.
સિંહઃ પુરૂષાર્થ પછી યોગ્ય ફળ મળે. પડવા-વાગવાથી સંભાળવું.
કન્યા: આવક કરતા જાવક વિશેષ રહે. અંગત મૂંઝવણ અનુભવાય.
તુલા: આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા રહે.
વૃશ્ચિક:ધીરજની કસોટી થાય. મનમાં ઉગ્રતા રહે.
ધનઃ અગત્યના કામમાં રૂકાવટ આવે. નાણાંભીડ ઉદ્ભવે.
મકર: ઘરમાં વાદ-વિવાદનો પ્રસંગ બને. પ્રયત્નો વિલંબથી ફળે.
કુંભઃ નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.
મીનઃ માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.

# કોંગ્રેસ પાર્ટીના ૧૨ મહાસચિવ-૧૨ પ્રભારીમાં અડધાથી વધુ ઉચ્ચ જ્ઞાતિના



(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૭

કોંગ્રેસે શનિવારે સંગઠનમાં મોટા ફેરફારોની જાહેરાત કરી હતી. કોંગ્રેસે ૧૨ મહાસચિવ અને ૧૨ પ્રભારી નિયુક્ત કર્યા છે. આમાંથી અડધાથી વધુ ઉચ્ચ જાતિના નેતાઓ છે. કોંગ્રેસ પાર્ટીમાં નિયુક્ત નવા ૧૨ મહાસચિવોમાં અન્ય પછાત વર્ગના માત્ર એક નેતાને સ્થાન મળ્યું છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શનિવારે (૨૩ ડિસેમ્બર) ૧૨ મહાસચિવ અને ૧૨ પ્રભારીઓની નિમણૂક કરી. આમાંથી અડધાથી વધુ ઉચ્ચ જાતિના નેતાઓ છે. આવી સ્થિતિમાં, રાહુલ ગાંધી દ્વારા તાજેતરમાં જાતિ ગણતરી અને ઓબીસીની ભાગીદારી પર આપવામાં આવેલા નિવેદનોનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે કોંગ્રેસમાં મોટા પદોની રેસમાં રાહુલ ઓબીસીને અધિકાર નથી અપાવી શક્યા. આ સિવાય કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાને ઉત્તર પ્રદેશ કોંગ્રેસના પ્રભારી પદેથી મુક્ત કરવામાં આવ્યા છે. તેણીને જનરલ સેક્રેટરી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સચિન પાયલટને છત્તીસગઢ કોંગ્રેસના પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા હતા. રમેશ ચેન્નીથલાને મહારાષ્ટ્રના પ્રભારી બનાવવામાં આવ્યા છે. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દ્વારા મહાસચિવ તરીકે જે નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે તેમાં મુકુલ વાસનિક, પ્રિયંકા ગાંધી વાડ્રા (કોઈપણ પોર્ટફોલિયો વિના), જિતેન્દ્ર સિંહ, રણદીપ સિંહ સુરજેવાલા, દીપક બાબરિયા, સચિન પાયલટ, અવિનાશ પાંડે, કુમારી સેલજા, જી.એ. મીર, દીપદાસ મુનશી, જયરામ રમેશ અને કેસી વેણુગોપાલ. વરિષ્ઠ નેતા કેસી વેણુગોપાલ કોંગ્રેસના સંગઠન મહાસચિવ રહેશે. કોંગ્રેસ અધ્યક્ષે રમેશ ચેન્નીથલાને મહારાષ્ટ્ર, મોહન પ્રકાશને બિહાર, ચેલ્લાકુમારને મેઘાલય, મિઝોરમ અને અરુણાચલ પ્રદેશ, અજોય કુમારને ઓડિશા (તેમને તમિલનાડુ અને પુડુચેરીનો વધારાનો હવાલો), ભરતસિંહ સોલંકીને જમ્મુનો હવાલો સોંપ્યો છે. અને કાશ્મીર, રાજીવ શુક્લાને હિમાચલ પ્રદેશ અને ચંદીગઢના પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. રાહુલ ગાંધી પછાતવર્ગના નેતાઓને ન્યાય અપાવી ન શક્યારાહુલ દ્વારા જાતિ ગણતરી અને ઓબીસીની ભાગીદારી પરના નિવેદનોનો ઉલ્લેખ કરીને ટીકા કરવામાં આવી સુખજિંદર સિંહ રંધાવાને રાજસ્થાન, દેવેન્દર યાદવને પંજાબના, માણિકરાવ ઠાકરેને ગોવા, દમણ-દીવ, દાદરા અને નગર હવેલી, ત્રિપુરા, સિક્કિમ, મણિપુર અને નાગાલેન્ડના ગિરીશ ચોડંકર, આંધ્રપ્રદેશના મણિકમ ટાગોર, આંદામાન અને નિકોબારના પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. . છે. દરમિયાન ગુરદીપ સિંહ સપ્પલને વહીવટી પ્રભારી બનાવવામાં આવ્યા છે. તે જ સમયે, અજય માકન ખજાનચી પદ પર યથાવત છે. મિલિંદ દેવરા અને વિજય ઈન્દર સિંગલાને સંયુક્ત ખજાનચી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

### ACBના અધિકારીની ઓળખ આપી પૈસા પડાવતા

# સુરતમાં વધુ એકવાર નકલી અધિકારી ઝડપાયો

સુરત, તા.૨૭

સુરતમાં વધુ એકવાર નકલી અધિકારી ઝડપાયો છે. નેશનલ એન્ટી કરપ્શન એન્ડ એટરોસિટી ઓર્ગેનાઈઝેશન દિલ્લીના નકલી અધિકારીની ઓળખ આપનાર કિશોર સહિત ત્રણ શખ્સો ઝડપાયા છે. આરોપીઓએ ACBના અધિકારીની ઓળખ આપી તપાસના સુરતની પીપી સવાણી યુનિવર્સિટીમાં ઘૂસ્યા હતા. યુનિવર્સિટીમાં નકલી ડિગ્રી બનાવતા હોવાનું કહી સંચાલકોને ધમકાવી રૂપિયા પડાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે યુનિવર્સિટીના સંચાલકોને શંકા જતા પોલીસને જાણ કરતા શખ્સોનો ભાંડો ફૂટ્યો હતો. પોલીસે એક કિશોર સહિત ૩ શખ્સોની ધરપકડ કરી છે. જ્યારે આરોપીઓની કારની આગળ પણ એસીબી લખેલી પ્લેટ મળી આવી છે. રાજ્યમાં નકલીનો રાફડો ફાટ્યો છે, નકલી IAS, નકલી IPS, નકલી સરકારી અધિકારી, નકલી MLAનો PA બાદ થોડા દિવસ પહેલા જુનાગઢમાંથી હવે નકલી DYSP ઝડપાયો હતો, આ શખ્સની ઓળખ વિનીત બંસીલાલ દવે તરીકે થઈ છે. આ શખ્સ નકલી ID સાથે રોફ જમાવતો અને બેઠકો પણ કરતો હતો. ૨.૧૧ કરોડથી પણ વધુની છેતરપિંડી આચરી છે. આ પહેલા નકલી MLA બની રોફ જમાવતા રાજેશ જાદવ નામના શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. નકલી અધિકારી, IPS બાદ હવે નકલી MLA ઝડપાયો છે. જૂનાગઢમાં નકલી MLA બની ફરતા રાજેશ જાદવ નામના શખ્સની ધકપકડ કરવામાં આવી છે. મૂળ સીમાસી ગામનાં રાજેશ જાદવ પોતે MLA હોવાનો રૌફ જમાવતો હતો. જોકે સાબલપુર ચોકડી પાસે રૌફ જમાવતા આ નકલી MLAને તાલુકા પોલીસે ઝડપી પાડ્યો હતો. નકલી CMO અધિકારીની ઓળખ આપનાર અને વડોદરા પોલીસના જાપ્તામાંથી ફરાર થનાર આરોપી વિરાજ પટેલની ક્રાઈમ બ્રાન્ચ પોલીસે મિઝોરમથી ધરપકડ કરી છે. ગાંધીનગરના વિરાજ પટેલે મુંબઈની એક મહિલાને CMOના અધિકારી તરીકેની ઓળખ આપી લગ્નની લાલચમાં ફસાવી હતી. આ સાથે યુવતીને ગુજરાતની ગિફ્ટ સીટીમાં ઈન્ટરનેશનલ બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાની લાલચ આપી મહિલાના ATM કાર્ડ ચોરી લઈ તેમાંથી ૯૦૦૦૦ ઉપાડી લીધા હતા. હોટેલમાં મહિલા સાથે દુષ્કર્મ પણ કર્યું હતું જે મામલે મહિલાએ ગોત્રી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી, આ સાથે CMOના અધિકારી તરીકે ઓળખ આપી નકલી પાનકાર્ડ બનાવી તેનો સાચા પાનકાર્ડ તરીકે ઉપયોગ કરાયો હતો. જે મામલે પણ ગોત્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા વિરાજ પટેલની ગાંધીનગરના સરગાસણથી પોલીસે ધરપકડ કરી હતી. જોકે તે બાદ ૧૦ નવેમ્બર ૨૦૨૩ના રોજ આરોપી વિરાજને દુષ્કર્મ મામલે વડોદરાની સેસન્સ કોર્ટ લાવવામાં આવ્યો હતો જ્યાંથી તે પોલીસ જાપ્તાને ચકમો આપી ભાગી ગયો હતો. વિરાજ પટેલે ગિફ્ટ સિટીના પ્રેસિડેન્ટ હોવાની ખોટી ઓળખ આપી હતી અને મહિલા મોડલને ગિફ્ટ સિટીના એમ્બેસેડર બનાવવાની લાલચ આપી હતી. આટલું જ નહી તેને આ મહિલા મોડલ સાથે દુષ્કર્મ પણ આચર્યું હતું. ઉપરાંત તેને શૂટિંગ માટે દુબઈ લઈ જવાનો પણ ખોટો વાયદો કર્યા હતો. વિરાજે આ મહિલા મોડલને ગિફ્ટ સિટીના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાની પણ લાલચ આપી હતી . આ મહિલા મોડલ અને વિરાજ વચ્ચે ટોકિઝમાં બબાલ થતાં સમગ્ર મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. મહિલા મોડલે દુષ્કર્મ સાથે વિરાજ પટેલે સાડા ત્રણ લાખ પણ તેમની પાસેથી પડાવી લીધાનો આરોપ લગાવ્યો છે. આ મામલે મહિલા મોડલે ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. મહાઠગ વિરાજ પટેલે નકલી ઓળખ ઉભી કરવા માટે નકલી દસ્તાવેજ પણ તૈયાર કર્યા હતા. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, આ મહાઠગ વિરાજ પટેલ ગાંધીનગરના સરગાસણ વિસ્તારના પૃથ્વી હોમ્સમાં રહેતો હોવાની હકીકત સામે આવી હતી.

# મેરી ક્રિસમસ નિમિત્તે ઓનલી ઈન્ડિયન દ્વારા ઈન્ડિયન સાંતા કલોઝની બાળકોને ભેટ



જૂનાગઢ તા. ૨૭

મેરી ક્રિસમસ નાતાલના તહેવારની અનોખી ઉજવણી કરી 'એક ફકત ભારતીય' સાંતા કલોઝના રૂપમાં ઓનલી ઈન્ડિયન દ્વારા સાંતા કલોઝના રૂપે સવારે ચર્ચમાં વિશ્વ કલ્યાણ માટે, રાષ્ટ્ર હિત તથા જનહિત માટે પ્રાર્થના કરી, થેલામાં નાના બાળકો માટે રમકડા, ચોકલેટ, પેન, પેન્સિલ, તલ-મમરાના લાડુ, કપડા, સ્વેટર ભરી મજુર વર્ગના સ્લમ વિસ્તારના ૧૨૦ બાળકો તથા ચર્ચમાં રાત્રે ૩૦૦થી વધુ બાળકોને ભેટ આપતા બાળકો ખુબજ ખુશ થયા હતા. તેમજ ડીવાયએસપી ઓફીસ, ટ્રાફીક શાખા તથા અમુક ઘરોમાં જઈને સૌની મીઠું મોઢું કરાવ્યું હતું. ખામધ્રોળ ફાટક પાસે જનહિત માટે સંદેશો આપતા સેંકડો પરિવાર ખુશ થયા હતા. આ ઉપરાંત સ્વચ્છતા, રોંગસાઈડમાં ઉભા ન રહેવા, ટ્રાફિક અવેરનેશ તથા પાણી, પ્રકૃતિ, પર્યાવરણ, પેટ્રોલ બચાવવા આહવાન કરેલ હતું. કોમી એકતા, પ્રાંતવાદ, જ્ઞાતી, જાતના ભેદ વગર ભારતીય હોવાનું ગૌરવ અનુભવવા સૌને પ્રેમનો સંદેશ આપ્યો હતો. અને સમગ્ર સમાજમાં સર્વત્ર પ્રેમ હોય, ગુનાખોરી ના હોય, ઝઘડા ના હોય તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

# કેશોદ સોશ્યલ ગ્રુપ રાજકોટ દ્વારા સ્નેહ મિલન મેડીકલ કેમ્પ સાંસ્કૃતિક કાર્યક્રમો સહીતના આયોજનની તડામાર તૈયારીઓ

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૨૭

કેશોદ સોશ્યલ ગ્રુપ રાજકોટ દ્વારા મૂળ કેશોદ અને કેશોદ તાલુકાના રાજકોટમાં રહેતા પરિવારનું સ્નેહમિલન આગામી તા.૭-૧-૨૦૨૪ને રવિવારના રોજ સાંજના ૬ કલાકે કોટક સ્કૂલ, મોટી ટાંકી ચોક, મોદી હોસ્પિટલ પાછળ, રાજકોટ મુકામે યોજવામાં આવેલ છે આ સ્નેહમિલનમાં મેડિકલ કેમ્પ, રકતદાન કેમ્પ, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ભોજન સમારંભનું આયોજન કરવામાં આવેલ છે.

તેમજ સામાજિક ઉત્કર્ષના પ્રકલ્પો ઉપર વિચારણા કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તા.૩-૧૨-૨૦૨૩ને રવિવારના રોજ કોટક સ્કૂલ ખાતે આયોજકોની મિટિંગ મળેલ જેમાં વિવિધ સમિતિની રચના કરવામાં આવેલ અને કેશોદ સોશ્યલ ગ્રુપના કાર્યકર અને વરિષ્ઠ પત્રકાર સ્વ. કિશોરભાઈ દેવાણીનું તા.૨૮-૧૧-૨૦૨૩ના રોજ હદય રોગના હુમલાથી અવસાન થયેલ તેમને શ્રદ્ધાંજલી આપવામાં આવેલ. સ્નેહ મિલન કાર્યક્રમ વિષે વિશેષ માહિતી માટે ઉપેન્દ્રભાઈ ઠકરાર ૯૯૭૪૭૫૨૬૯૦નો સંપર્ક કરવા જણાવેલ છે.

# સોમનાથ-શિવભકતોને દર્શન, પૂજન, ભક્તિ શ્રેષ્ઠ અવસર આજ માગસર માસનું આદ્રા નક્ષત્ર શિવકૃપા ધન્ય તક



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

વિદ્વવાનો, પંડીતો, શ્રધ્ધાળુઓના મતે સોમનાથ શિવાલયોમાં ભગવાન ભોળાનાથના પૂજન-દર્શન અને ભકિત માટે આજનો દિવસ શ્રેષ્ઠ મનાયો છે. માગસર માસનું આદ્રા નક્ષત્ર કે જે કાળમાં ભગવાન સ્થંભ રૂપે પ્રગટ થયા હતા જેથી આ દિવસે દર્શનથી અધિક ફળ મળે છે. શ્રધ્ધાળુઓની માન્યતા પ્રમાણે આજના દિવસે શિવપૂજન દર્શન કરવાથી ૧૦૦ મહાશિવરાત્રી ફળ પ્રાપ્ત થાય છે. તાલાલાના કર્મકાંડી શાસ્ત્રી મિલન પંડયા કહે છે માગીસર માસ અને આદ્રા નક્ષત્ર આજે જે લોકો શિવપૂજન કરે છે તેને એક હજાર મહાશિવરાત્રીના દિવસ પૂજા જેટલું જ પુણ્ય મળે છે. આ દિવસની પ્રદોષ પૂજાને પણ શ્રેષ્ઠ માનવામાં આવી છે. આ દિવસે ભગાવન શિવ બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ લિંગ સ્વરૂપે પ્રગટ થયા હતા અને એ દિવસે લિંગની સર્વપ્રથમ પૂજા શરૂ થઈ હતી. શિવભકતોએ આ અંગે વોટસએપથી અસર-પરસ વાકેફ થઈ રહ્યા છે અને મહાદેવને દિપમાળા, પ્રસાદી, મહાપૂજા કરવા અનુરોધ કરાયો છે. શિવમંદિરે જો પહોંચી ન શકાય તો ઘરમાં જ શિવ ઉપાસના કરી આ શ્રેષ્ઠ અવસર તકથી ધન્યતા પ્રાપ્ત કરવા સૌ ભકતોમાં ઉત્સાહ છે.

## ખંભાળિયામાં રવિવારે વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭

ખંભાળિયામાં જોધપુર ગેઈટ નજીક આવેલી વાંઝા જ્ઞાતિની વાડી ખાતે આગામી રવિવાર તા. ૩૧ મી ડિસેમ્બરના રોજ વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવશે. અહીંની સંસ્થા શ્રી વિકલાંગ કલ્યાણકારી ટ્રસ્ટ દ્વારા રવિવારે સવારે ૧૧ વાગ્યાથી કરવામાં આવેલા આ આયોજન કાર્યક્રમના પ્રારંભે દિવ્યાંગોનું સંમેલન, કેરમ સ્પર્ધા, તેજસ્વી દિવ્યાંગ વિદ્યાર્થીઓ તથા પ્રેરણાદિપ એવા સફળ દિવ્યાંગોનું સન્માન તેમજ ગીત સંગીત સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે તેમ મનીષભાઈ ચંદારાણા તથા મંત્રી પ્રવીણભાઈ વાઘેલા દ્વારા એક યાદીમાં જણાવાયુ છે.

# ક્યારેક આપણે જાતપર બહુ જુલમ કરીએ છીએ




ક્યારેક આપણે જાતપર બહુ જુલમ કરીએ છીએ આપણી ભૂલો અને મુર્ખામી વારંવાર યાદ કરીએ છીએ. પણ આપણી ઉબલબ્ધીઓ યાદ નથી કરતા નિષ્ફળતા યાદ કરી જાતને ધિક્કારીએ છીએ પણ આપણી સફળતા ઉપર ગર્વ નથી અનુભવતા. એક ખોટા નિર્ણય માટે ગિલ્ટીફીલ કરીએ છીએ. એસિવાયના અનેક સાચા નિર્ણયો માટે ક્યારેય જાતને સાબાસી નથી આપતા એક સંબંધના તૂટવા ઉપર અફસોસ કરીએ છીએ પણ અતૂટ રહેલા બીજા અસંખ્ય સંબંધોની ક્યારેય ઉજવણી નથી કરતા એક ખરાબદિવસને રોઈએ છીએ પણ અનઈવેન્ટફૂલ પસાર થઈજતા અસંખ્ય દિવસો માટે ક્યારેય રાહત નથી અનુભવતા ક્યારેક જાતપર બહુ જુલ્મ કરીએ છીએ એવું કહેવાય છે. કે **'the grass is always greenar on the other side'** એટલે કે અન્ય કોઈની જિંદગી કે પરિસ્થિતિ આપણને વધુ સારી લાગે છે. જે જગ્યાને આપણે અટેન્શન ઉર્જા અને મહત્વ આપીએ છીએ એ સ્થળ આપણને સુંદર લાગવા માંડે છે આપણે જ્યા ઉભા છીએ એજ સ્થળ જગતની સૌથી સુંદર જગ્યા છે આપણે જે જીવી રહ્યા છે જે જિંદગી એ બેસ્ટ પોસિબલ લાઈફ છે.

પરફેકશનિસમ એ જાતપર કરેલો એવો જુલ્મ છે જે આપણી પ્રગતિઅવરોધે છે. ઈશ્વરે સર્જલી સૃષ્ટિમાં કશુજ પરફેક્ટ નથી હોતુ આ જગતમાં એવુ કોઈ પાત્ર, પાર્ટનર કે રિલેશનશીપનથીજી આવીને આપણને કમ્પલેટ કરે કારણ કે આપણે અધુરા છીએ જ નહી આપણી અંદર રહેલો જીવ સંપૂર્ણ છે. લોકોની માન્યતા ત્યારેજ સંપૂર્ણ કહેવાય જયારે આપણે જોડીમાં હોઇએ 'દિલ તો પાગલ હે જેવા થોડા ઘણા બોલિવૂડ મૂવીઝ અને સ્કીન-રાઈસે આ આખીએ વાતને રોમેન્ટિસાઈઝ કરીને આપણને એવુ માનવાપર મજબુર કરી દીધા કે કોઈ **signIficant other'**ની ગેરહાજરીમાં આપણે અધૂરા છીએ હકીકત એ છે કે યોગ્ય પાર્ટનર એ નથી જે આવીને આપણને પૂર્ણ કરે યોગ્ય સાથી એ છે. જે આપણને પૂર્ણતાનો અહેસાસ કરાવે. **As we grow In life.** ધીમે ધીમે આપણેને સમજાતું જાય છે કે દરેક જગ્યાએ જાતને સાચી સાબિત કરવાની જરૂર નથી હોતી કેટલાક લોકો આપણા વિશે ઘણી બધી ગેરમાન્યતા, ભ્રમણા, **fixed ideas** કે **false notion** સાથે જીવતા હોય છે . જેટલું બીજાને મહત્વ આપીશુ એટલા આપણે સસ્તા થઈ જઈશું. આમ જોઈએ તો ઘડિયાર કરતા હોકાયંત્ર વધુ ઉપયોગી છે. કારણ કે કેટલો સમય ચાલ્યા તેના કરતા કઈદિશા તરફ ચાલ્યા એ મહત્વ ધરાવે છે. વિરૂદ્ધ દિશા તરફ જવાથી નતો સફળતા મળે છે નતો પરિણામ સફળતા મેળવવા માટે તમારા ભૂતકાળને ડસ્ટબીનમાં ફેંકી દો વર્તમાનને ટેબલ ઉપર રાખો અને ભવિષ્યને નોટિસ બોર્ડ પરચિપકાવી દો.

- રાજ ઝાલા

# અમદાવાદના નિકોલમાં શ્રી હનુમાન ચાલીસા યુવા કથાનું આયોજન





(પ્રતિનિધી દ્વારા)

સાળંગપુર તા.૨૭

અમદાવાદના આંગણે નિકોલમાં ૧૧૦૦X૯૦૦ ફૂટના ખોડલધામ ગ્રાઉન્ડમાં શ્રીહનુમાન ચાલીસા યુવા કથાનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં શ્રીહનુમાન ચાલીસા યુવા કથા સમિતિ દ્વારા આગામી ૨૯ ડિસેમ્બરથી ૪ જાન્યુઆરી સુધી આ કથા યોજાશે. જેમાં સાળંગપુર ધામના શાસ્ત્રી હરિપ્રકાશદાસ સ્વામી કથાનું હજાર લોકોને કથાનું રસપાન કરાવશે. ત્યારે આ કથામાં લોકો માટે શું-શું ખાસ વ્યવસ્થા ઊભી કરાઈ છે અને કથામાં કયા-કયા આકર્ષણો હશે તેની તમામ માહિતી અમે તમને ઈન્ફોગ્રાફિક્સ દ્વારા જણાવીએ.

**ખાસ યુવાનો માટે આયોજન કરાયું :** આયોજકોના જણાવ્યા મુજબ આજના યુગમાં યુવાનો હનુમાન દાદાને પોતાના આદર્શ માને છે ત્યારે વધુમાં વધુ યુવાનો આ કથામાં જોડાય તે માટે આ કથાનું નામ જ યુવા કથા રાખવામાં આવ્યું છે.કથા દ્વારા શ્રી કષ્ટભંજન દાદાના દિવ્ય ચરિત્રોથી યુવા વર્ગને સંસ્કારથી સુશોભિત કરવાનો ઉમેદ હેતુ છે. કથામાં યુવાનોને વ્યસન મુક્તિ તેમજ રાષ્ટ્રભક્તિ અને ભક્તિનો સમન્વય થાય તે હેતુ છે. દરરોજ કથા પૂર્વે રાષ્ટ્રગાન પણ કરવામાં આવશે. કથા થકી દરેક વર્ગના લોકોને એક સાથે જોડવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે.

**કથામાં સામાજિક કાર્યનું આયોજન :** ખોડલધામ ગ્રાઉન્ડમાં આયોજિત આ કથામાં કથાની સાથે સાથે સામાજિક કાર્યો પણ કરાશે. ૭ દિવસ ચાલનારી આ કથા દરમિયાન દરરોજ રક્તદાન શિબિર તેમજ વિના મુલ્યે સર્વ રોગ નિદાન કેમ્પનું પણ આયોજન કરાયું છે. સર્વરોગ નિદાન કેમ્પમાં હદયરોગ, ડાયાબીટીસ, મગજ અને કરોડરજ્જુ, બાળરોગો,સાંધા અને હાડકા, પેટના રોગો, આંખના રોગો, સ્ત્રીરોગો, કેન્સર નિષ્ણાંત, ફીજીયોથેરાપી, દાંતના રોગો, વેગેરેના અનુભવી અને જાણીતા ડોકટરો દ્વારા તપાસ થશે.

**કથાના કાર્યક્રમ :** આગામી તારીખ ૨૮ ડિસેમ્બરના રોજ લોક ડાયરો, ૨૯ ડિસેમ્બરના રોજ ભવ્ય અને વિશાળ પોથીયાત્રા યોજાશે. ૩૧ ડિસેમ્બરના રોજ હનુમાન જન્મોત્સવ, ૧ જાન્યુઆરીના રોજ સુંદરકાંડ પાઠ અને દાદાની સમૂહ આરતી, ૨ જાન્યુઆરીના રોજ દાદાને ભવ્ય અન્નકૂટ, ૪ જાન્યુઆરીના રોજ કથા પુર્ણાહુતી. આ ઉપરાંત તારીખ ૨૯ ડિસેમ્બરથી ૪ જાન્યુઆરી સુધી મેડીકલ કેમ્પ તેમજ રક્તદાન કેમ્પનું પણ આયોજન કરાયું છે.

**લોક ડાયરો અને ધૂન-કીર્તન :** શ્રીહનુમાન ચાલીસા યુવા કથા અંતર્ગત લોક ડાયરો અને ધૂન કીર્તનનું ૨૮મી ડિસેમ્બરના રોજ રાતે ૮.૩૦ વાગ્યે આયોજન કરાયું છે. જેમાં હાસ્ય કલાકાર હિતેશ અંટાળા, ઉર્વશીબેન રાદડિયા, મનસુખભાઈ વસોયા અને ગોપીબેન પટેલ ઉપસ્થિત રહેશે.


**પોથીયાત્રાની ભવ્યતા :** ૨૯મી ડિસેમ્બરના રોજ બપોરે ૩.૩૦ કલાકે ભવ્ય પોથીયાત્રાનું આયોજન કરાયું છે. આ પોથીયાત્રા ગોકુલધામ બંગલોથીનીકળી ખોડલધામ કથા સ્થળે જશે. આ પોથીયાત્રા અતિ ભવ્ય, દિવ્ય અને વિશાળ હશે જેમાં ૫૦૦ મહિલા ભક્તો રામચરિત માનસ ગ્રંથ પોતાના મસ્તક પણ ધારણ કરશે. તેમજ પુરુષો સાફો બાંધશે. આ ઉપરાંત અહી કાઠીયાવાડી, રાજસ્થાનની થીમ પર વેશભૂષા પણ યોજાશે. આ ઉપરાંત પોથીયાત્રામાં બગીમાં સંતો સુરતના ભક્તોને દર્શન આપશે. પોથીયાત્રામાં ડીજે, બેન્ડબાજા, નાસિક ઢોલ, આફ્રિકન સીદી ધમાલ, સંગીત સાથે જમવાટ કરશે, હાથી ઉટગાડી, બળદગાડી પોથીયાત્રાની શોભા વધારશે. આ ઉપરાંત સ્કુલના પ્રદર્શન ફલોટ, વાનરો,હનુમાનજી દેવ દેવતાઓ, મિકી માઉસ સાથે અસંખ્ય ભક્તો પોથીયાત્રામાં ચાર ચાંદ લગાવશે.

**પોથીયાત્રા દરમ્યાન વિવિધ સંદેશાઓ અપાશે :** આ પોથીયાત્રા ભવ્ય અને વિશાળ તો હશે જ પરંતુ આ પોથીયાત્રા દરમ્યાન લોકોને સ્વચ્છતાનો ખાસ સંદેશ આપવામાં આવશે. જે જે રૂટ પરથી પોથીયાત્રા પસાર થશે તેની પાછળ ૫૦ લોકોની ટીમ હશે. જે રસ્તાઓ સંપૂર્ણ સાફ કરતા જશે. આ ઉપરાંત લોકોને પર્યાવરણની જાળવણી માટે ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી, સ્વચ્છતા, વ્યસન મુક્તિનો સંદેશો અપાશે. તેમજ આઝાદી કા અમૃત મહોત્સવ તેમજ ૮-૨૦ની થીમ પણ પોથીયાત્રામાં સામેલ કરવામાં આવશે જે લોકોના આકર્ષણનું કેન્દ્ર બનશે. આ ઉપરાંત શહેરની જનતાને કોઈ અગવડતા ન પડે તે માટે ૨૦૦ જેટલા સ્વયસેવકો ટ્રાફિક નિયમન પણ કરશે.

**શ્રી હનુમાન જન્મોત્સવની ભવ્યતા :** ૩૧ ડિસેમ્બરના રોજ રાતે ૮.૩૦થી ૧૧.૩૦ સુધી શ્રીહનુમાન જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. જેમાં ૧૭૫ કિલોની કેક દાદાને ધરાવવામાં આવશે. ૪ હજાર કિલો ચોકલેટ અને કેડબરી દાદાને ધરાવવામાં આવશે. ૭૦૦ કિલો પુષ્પ સંતો દ્વારા હનુમાનજી પર વર્ષાવવામાં આવશે. સમગ્ર સભા મંડપને ફૂલો અને ફુગ્ગાથી શણગારવામાં આવશે. ભવ્ય આતશબાજી અને સમૂહ આરતી કરવામાં આવશે.

**વિશેષ અન્નકૂટ ધરાવાશે :** ૨ જાન્યુઆરીના રોજ 'મારા દાદાને મારો અન્નકૂટ' કાર્યક્રમ હેઠળ દાદાને વિશેષ રીતે અન્નકૂટ ધરાવવામાં આવશે. જેમાં લોકો પોતાના ઘરેથી દાદા માટે અલગ-અલગ વાનગીઓનો અન્નકૂટ લઈને આવશે જે વિશેષ રીતે ગોઠવણી કરીને દાદાને ધરાવવામાં આવશે. દાદાને ૫ હજાર કિલો મીઠાઈનો અન્નકુટ ધરાવાશે. આ ઉપરાંત દરેક પ્રકારના નમકીન, ફ્રૂટ, શાકભાજી, દરેક પ્રકારના રસ અને જ્યૂસ જેવી વાનગી હશે.

## ખંભાળિયામાં રજવાડી ગેઈટને હેરિટેજ લુક આપવા ઓપરેશન ડિમોલિશન હાથ ધરાયું : અનધિકૃત રહેણાંક, દુકાનો પર પાલિકાનું બુલડોઝર ફર્યું





(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭

ખંભાળિયા શહેરના જુદા જુદા વિસ્તારોમાં પ્રાચીન ગેઈટને હેરિટેજ લુક આપવા માટે આ ગેઈટની નજીકના વિસ્તારોમાં જુદા જુદા પ્રકારના અનધિકૃત બાંધકામ દૂર કરવાના આયોજનમાં ગઈકાલે મંગળવારે સાંજે અહીંના સલાયા ગેઈટ તથા દ્વારકા ગેઈટ વિસ્તારમાંથી જુદા જુદા પ્રકારનું બાંધકામ દૂર કરવામાં આવ્યું હતું

ખંભાળિયાના સલાયા ગેઈટ, દ્વારકા ગેઈટ તથા પોર ગેઈટ વિસ્તારમાં આવેલા રજવાડાના સમયના-દાયકાઓ જુના પ્રાચીન અને આકર્ષક ગેઈટને નવેસરથી સુશોભિત કરવા અને પ્રાચીન ધરોહર જાળવી રાખવાના આશય સાથે સરકાર દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગવી ઓળખ ઘટક હેઠળ હેરિટેજ સ્થળોને ડેવલપ કરવા આ રજવાડાના સમયના જુદા જુદા ગેઈટને આકર્ષક અને હેરિટેજ લુક આપવાનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો હતો.

આશરે રૂપિયા ૩.૫૦ કરોડના ખર્ચે મંજૂર થયેલા આ પ્રોજેક્ટ માટે આ ગેઈટને અડીને કરવામાં આવેલા કેટલાક બાંધકામને સ્વૈચ્છિક રીતે દૂર કરાવા જે-તે આસામીઓને નોટિસ આપી દેવામાં આવી હતી. આના અનુસંધાને મંગળવારે સાંજે તંત્ર દ્વારા સલાયા ગેઈટ અને દ્વારકા ગેઈટ ખાતે જેસીબી જેવા સાધનોની મદદથી બાંધકામ દૂર કરવા માટેની કામગીરી કરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન નગરપાલિકાના ચીફ ઓફિસર ભરતભાઈ વ્યાસ તથા ઈજનેર એન આર. નંદાણીયા સાથે હેરિટેજના કોન્ટ્રાક્ટર, પાલિકા સ્ટાફ, પીજીવીસીએલ તંત્ર તેમજ પોલીસ સ્ટાફ પણ આ સ્થળે હાજર રહ્યો હતો. જેના કારણે કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો ન હતો.

મંગળવારે મોડી સાંજ સુધી કરવામાં આવેલી આ કાર્યવાહીમાં બંને સ્થળોએ મળી આશરે ૩૫ જેટલા મકાનો, દુકાનો તેમજ કેબીનોને દૂર કરી દેવામાં આવી હતી. આ સ્થળોએથી કાટમાળ હટાવવા તેમજ અન્ય કામગીરી પણ આગામી સમયમાં કરવામાં આવનાર છે.

## ખંભાળિયામાં ગર્લ્સ હાઈસ્કુલ ખાતે વીર બાલ દિવસની ઉજવણી કરાઈ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭

શીખ ધર્મના ૧૦ મા ધર્મગુરૂ શ્રી ગુરૂ ગોવિંદસિંહના સાહેબજાદા જોરાવરસિંહ અને ફતેસિંહજીએ ધર્મ અને સંસ્કૃતિની રક્ષા કાજે આપેલા બલિદાનને ગઈકાલે મંગળવારે વીર બાલ દિવસ તરીકે ઉજવણીનું આયોજન ખંભાળિયામાં નગરપાલિકા સંચાલિત દા.સુ. ગર્લ્સ હાઈસ્કુલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં હાઈસ્કૂલની છાત્રાઓ દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમમાં શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમારએ વીર બાલ દિવસ અંગે પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું. જેમાં શહેર ભાજપ મહામંત્રી પિયુષભાઈ કણજારીયા, નગરપાલિકા કારોબારી ચેરમેન રેખાબેન ખેતીયા, મોહિતભાઈ મોટાણી, ભીખુભા જેઠવા, અજુભાઈ ગાગીયા, હરેશભાઈ ભટ્ટ, કિશોરભાઈ નકુમ, ઈમ્તિયાઝખાન લોદીન, મુકેશભાઈ કાનાણી, ભવ્ય ગોકાણી, અશોકભાઈ કાનાણી, જાનકીબેન કુંડલીયા, મેઘાબેન વ્યાસ, દેવ શાહ, દિવ્ય જોશી, દેવાંગ પિત્રોડા સહિતના કાર્યકરો ઉપસ્થીત રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમના આયોજનને સફળ બનાવવા માટે હાઈસ્કૂલના આચાર્ય કંચનબેન અને સ્ટાફ દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી.

## કચ્છ રણોત્સવમાં લાઈટ એન્ડ સાઉન્ડ શો, ડૂબેલી દ્વારકાના દર્શનનો લહાવો જોવા મળશે

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૭

ગુજરાતમાં ટુરીઝમ ઉદ્યોગને વેગ આપવા સરકાર દ્વારા સહેલાણીઓને જલસા પડી જાય તેવી જાહેરાતો કરવામાં આવી છે. જેમાં અમદાવાદથી રાજ્યના દરેક શહેરને જોડતી હેલિકોપ્ટર સેવાનો આવતીકાલથી પ્રારંભ કરવામાં આવનાર છે. જ્યારે કચ્છના રણ મહોત્સવને રંગીન બનાવવા ધોરડોના સફેદ રણમાં વિલેજ થીમ ઉપર લઈટ એન્ડ સાઉન્ડ શો શરૂ કરવામાં આવ્યો છે, તે ઉપરાંત દ્વારકા દરિયામાં ડુબેલી શ્રીકૃષ્ણ નગરીના દર્શન માટે આગામી સમયમાં સબમરીન શરૂ કરવામાં આવનાર છે.

**રણમાં લાઇટ એન્ડ સાઉન્ડ શો :** સફેદ રણના વોચ ટાવર ઉપર કાયમી લાઈટ એન્ડ સાઉન્ડ શોનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અનાવરણ કરવામાં આવેલ છે. સફેદ રણના બેકગ્રાઉન્ડમાં આ લાઈટ એન્ડ સાઉન્ડ શોથી એક નયનરમ્ય નજારો જોવા મળશે, અને વિલેજ થીમ પર સુશોભન દ્વારા પ્રવાસીઓને કચ્છના ભવ્ય ઈતિહાસ અને સંસ્કૃતિથી પરિચિત કરાવવામાં આવશે.


લાઈટ એન્ડ સાઉન્ડ શો નો પ્રારંભ થયો છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા પણ ઉપસ્થિત રહ્યા હતા. અહીં પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ મુખ્યમંત્રી તેમજ મંત્રી સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમમાં સામેલ થયા હતા. આ સાથે કચ્છડો ખેલે ખલકમેં થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમ, દૈનિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે થીમ પેવેલિયન, ક્રાફ્ટ સ્ટોલ, ખાણી-પીણી બજાર, ક્રિએટિવ ફુડ ઝોન અને સાહસિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યુ છે.

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના પ્રવાસનને વેગ આપવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોડ, આકર્ષણો અને અન્ય સુવિધાઓ વિકસિત કરવામાં આવી રહી છે. કચ્છના ધોરડોમાં, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનથી શરૂ થયેલા રણોત્સવને હવે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત થઈ છે અને કચ્છના અર્થતંત્રને નવી ઊર્જા મળી છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૩.૫ લાખ જેટલા પ્રવાસીઓએ સફેદ રણની મુલાકાત લીધી હતી. જ્યારે આ વર્ષે અત્યાર સુધીમાં પોણા બે લાખ જેટલા પ્રવાસીઓ આવી ચૂક્યા છે.

**ડૂબેલી દ્વારકાના દર્શન કરી શકાશે :** ભગવાન શ્રી કૃષ્ણની દરિયામાં ડુબેલી દ્વારકા નગરીના પણ હવે દર્શન થઈ શકશે. આ માટે હવે મોટા સમાચાર સામે આવ્યા છે. હાલમાં જ માહિતી મળી છે કે, દ્વારકા નગરી જે હાલમાં દરિયામાં ડુબી ચૂકી છે, જેના દર્શન કરવા માટે હવે સબમરીન પ્રોજેક્ટને શરૂ કરાશે, આ માટે ગુજરાત સરકાર સાથે એક કંપનીએ એમઓયૂ સાઈન કર્યા છે, આની ઓફિશિયલ જાહેરાત આગામી વાઈબ્રન્ટ સમિટમાં કરવામાં આવશે. ખાસ વાત છે કે, સબમરીનની આ એક ટ્રિપ બે કલાકથી વધુની હશે, જેમાં ૨૪ દર્શનાર્થીઓ ૬ ક્રૂ મેમ્બર સાથે સફરમાં જઈ શકશે. ભગવાન શ્રી કૃષ્ણની દ્વારકા નગરી જે અરબી સમુદ્રમાં ડુબી ચૂકી છે, જેના પણ હવે હરિ ભક્તો દર્શન કરી શકશે. સમાચાર મળી રહ્યાં છે કે, ભગવાન શ્રી કૃષ્ણની ડૂબેલી દ્વારકાના દર્શન સબમરીનની મદદથી થશે. દર્શનાર્થીઓ અરબી સમુદ્રમાં ૩૦૦ ફૂટ નીચે જઈને સબમરીનમાં જઈને દર્શન થશે. ગુજરાત સરકાર અને ભારત સરકારની મઝગાવ ડોક શિપયાર્ડ કંપની વચ્ચે ળજ્ઞી થયા છે. વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં આ એમઓયુની ઓફિશિયલ જાહેરાત કરવામાં આવશે. ખાસ વાત છે કે, દિવાળી સુધીમાં ડૂબેલી દ્વારકાના દર્શનની સેવા શરૂ થવાનો અંદાજ છે. સબમરીન માટે બેટ દ્વારકા પાસે વિશેષ જેટીનું પણ નિર્માણ કરવામાં આવશે, ડૂબેલી દ્વારકાના દર્શન માટે બેથી અઢી કલાકનો દરિયાની અંદરનો પ્રવાસ રહેશે. આ એક ટ્રીપમાં ૨૪ દર્શનાર્થી અને ૬ ક્રૂ મેમ્બર સફર કરી શકશે. પ્રવાસન માટે સબમરીનનો ઉપયોગ દ્વારકામાં દેશનો પ્રથમ પ્રયોગ હશે.

## યાત્રાધામ દ્વારકામાં નાતાલના મિની વેકેશનમાં યાત્રિકોનો પ્રવાહ






### છેલ્લા પાંચ દિવસમાં પાંચ લાખ ટુરીસ્ટ: હોટલ તેમજ ગેસ્ટ હાઉસ હાઉસફુલ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૭

હાલમાં ચાલી રહેલા ક્રિસમસના મિની વેકેશનમાં યાત્રાધામ દ્વારકા સહેલાણીઓની પ્રથમ પસંદ બની રહ્યું છે ખાસ કરીને ગુજરાતીઓ માનીતા પ્રવાસન સ્થળ તરીકે દ્વારકાધીશન દર્શનની સાથોસાથ શિવરાજપુર બીચનો લુત્ફ ઉઠાવવા દ્વારકા પ્રવાસને પ્રાધાન્ય આપી રહયા છે આમ તો હવે વર્ષ દરમ્યાન દ્વારકામાં યાત્રાળુઓનો પ્રવાહ જોવા મળતો હોય છે પરંતુ જન્માષ્ટમી,દિવાળી,કુલડોલ ઉત્સવ તથા ક્રિસમસ વેકેશનમાં દર્શનાર્થીઓ સાથે સહેલાણીઓનું ઘોડાપુર ઉમટતું હોય દ્વારકામાં છેલ્લા પાંચ દિવસમાં જ આશરે પાંચ લાખ જેટલા દર્શનાર્થીઓ તથા સહેલાણીઓએ યાત્રાધામમાં દર્શન તથા પ્રવાસનનો લાભ લીધો છે હોટલ ગેસ્ટ હાઉસમાં હાઉસ ફુલના બોર્ડ જોવા મળી રહયા છે ત્યારે બજારોમાં પ્રવાસીઓની ભીડ જોતા રોનક છવાઈ હોય વેપારીઓમાં ખુશીની લહેર વ્યાપી છે.

## દેશમાં આંતરરાષ્ટ્રીય આંતકવાદીઓના દ્વાર ખુલી રહયા છે?



(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

દ્વારકા તા.૨૭

ત્રણ દિવસ પહેલા ની સામાન્ય જણાતી પણ આંતરરાષ્ટ્રીય ફલક પર બહુ મોટી આંતકવાદી હુમલાની શૃંખલા સ્વરૂપે બે ભારતીય માલ વાહક જાહજ પર આંતકવાદીઓ ના ડ્રોન દ્વારા કરાયેલ હુમલા બાદ ગઈકાલે દેશ ના આન-બાન-શાન સમાન ની રાજધાની દિલ્હી મા ઈઝરાઈલ દુતાવાસ બહાર બોમ્બ વિસ્ફોટ થયો છે. જે ઘટના હવે આંતરરાષ્ટ્રીય આંતકવાદીઓ સ્પષ્ટ પણે પોતાના દ્વાર દેશ મા પ્રવેશાવા ખટખટાવી રહયા છે કે ખુલી ગયા છે.તેવો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત કરી રહ્યો છે. શુ ઈઝરાઈલ-હમાસના યુધ્ધના આંતરરાષ્ટ્રીય રાજકારણનો ભોગ કે ભાગ આપણે બની રહયા છીએ કે બનાવાઈ રહયા છીએ?

અરબી સમુદ્ર મા અને રેડ સીના હુમલા ભારતીય એક્સક્લયુઝિવ ઈકોનોમી ઝોન બહાર થયાં હોય તે વિસ્તાર ને વર્ષ ૧૯૭૪ના આંતરરાષ્ટ્રીય મેરી ટાઈમ ઝોન ના કાયદા હેઠળ તેને ઈન્ટરનેશનલ સી વોટર એરીયા તરીકે ગણવામાં આવતો હોય ત્યાં દુનિયાભર ના સારા-ખરાબ્ (લીગલ-ઈલિગલ) દરેક પ્રકારના વ્યવસાયો ચાલતા જ હોય છે.જેના માટે આંતરરાષ્ટ્રીય સુરક્ષા એજેન્સીઓ પણ સતત પેટ્રોલિંગ કરતી હોય છે. ત્યારે કોઈપણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવાદસ્પદ ઘટના ઘટે એટલે જે તે દેશ એક બીજા તરફ આંગળી ચીંધે અને તે સર્વ સામાન્ય નીતિ ગણાય છે.પરંતુ આંગળી ચીંધનાર ની એક આંગળી સામે હોય ત્યારે બાકી ની ત્રણ આંગળી પોતાના તરફ હોય છે તેનોં ખ્યાલ શુ તેને હોતો પણ નથી? તે પણ તેટલી સત્ય હકીકત છે. જે ન્યાયે ભારતીય માલવાહક જાહજ પર ના હુમલા મા ફક્ત એક બીજા તરફ એક બીજા દેશો નિર્દેશ કરી રહયા છે. પરંતુ રાજધાની દિલ્હી મા ઈઝરાઈલ દુતાવાસ બહાર બૉમ્બ વિસ્ફોટ ની બનેલ ઘટના આંતરરાષ્ટ્રીય ફલક ગંભીર્ પણ રાષ્ટ્રીય લેવલ પર તેનાથી વિશેષ રાષ્ટ્રીય સુરક્ષા ને ખુલ્લો પડકાર આપનારી હોય.

આ ઘટના આપણ ને કાં આંતરરાષ્ટ્રીય આંતકવાદીઓ આપણ ને ઈઝરાઈ-હમાસના યુધ્ધમાં સામેલ કરવા માંગે છે અથવા આપણી મદદ માંગે છે. પણ હવે આપણે કોઈપણ સંજોગો મા હાલ ના આંતરરાષ્ટ્રીય રાજકારણ ના યુધ્ધ ના અખાડા મા કૂદવું પડે તેવી પરિસ્થિતિ નિર્માણ થયાં નું નકારી શકાતું નથી. અરબી સમુદ્ર મા ભારતીય જાહજ પર ડ્રોન હુમલા બાદ રાજધાની મા ઈઝરાઈલ દુતાવાસ બહાર બૉમ્બ વિસ્ફોટ શુ દર્શાવે છે?

ઈઝરાઈલના દુતાવાસ બહારના બૉમ્બ વિસ્ફોટની ઘટના સપષ્ટ સંકેત આપે છે કે આંતરરાષ્ટ્રીય આંતકવાદીઓ નું સ્લીપર સેલ દેશમા સક્રિય છે... છે... અને છે... તેનો ઈન્કાર કરવાના બદલે તેમનો સ્વીકાર કરી દેશ ના આંતરિક રાજકારણ મા પક્ષ-વિપક્ષો દ્વારા આક્ષેપ કે પ્રતિ આક્ષેપ કરવાના બદલે તેમને નેસ્ત નાબુદ કરવામાં આવે તેજ અત્યાર ના સમય ની માંગ અને શ્રેષ્ટ તથા સાચો ઉપાય છે. ત્યારે આવનારા નવા વર્ષ ની ઉજવણી ના દિવસે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કે રાષ્ટ્રીય ક્ષેત્રે શુ પરિસ્થિતિઓ નિર્માણ થાય છે તેનો પાયો આ ઘટના દ્વારા નાખવામાં આવ્યાનું પણ નકારી શકાતુ નથી.

## ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાની ઉપસ્થિતિમાં બુધેચા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે વિવિધ કાર્યક્રમો યોજાયા

જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢ જિલ્લાના માળીયાહાટીના બુધેચા ગામે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાની પ્રેરક ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાય હતી. ધારાસભ્યએ આ પ્રસંગે ગ્રામજનોને કેન્દ્ર અને રાજ્ય સરકાર જનકલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. સાથે જ પીએમજેએવાય કાર્ડ, સોઈલ હેલ્થ કાર્ડ સહિતની યોજનાઓના લાભાર્થીઓને સહાય કીટ વિતરણ કરી હતી. આ પ્રસંગે લોકોને પ્રાકૃતિક કૃષિ અંગે પણ જાગૃત કરાયા હતા. કાર્યક્રમ દરમ્યાન ગ્રામજનોએ રથના માધ્યમથી વિકાસની ઝાંખી રજૂ કરતી ફિલ્મ નીહાળી હતી.





વિકસિત ભારત સંકલ્પ યાત્રાના કાર્યક્રમમાં લાભાર્થીઓ દ્વારા મેરી કહાની, મેરી જુબાની અંતર્ગત સાફલ્ય ગાથા વર્ણવી ઉપસ્થિત અન્ય ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓના લાભો લેવા પ્રેરિત કર્યા હતા. ગ્રામજનોએ પ્રધાનમંત્રીશ્રીનો વિકસિત ભારત સંકલ્પ સંદેશ સાંભળવાની સાથે વિકાસલક્ષી ટુંકી ફિલ્મ નિહાળી હતી. કાર્યક્રમ દરમ્યાન વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા હરઘર જલ યોજના, આઈસીડીસએસ દ્વારા કાર્યરત વિવિધ યોજનાઓ, આરોગ્યને લગતી વિવિધ યોજનાઓની માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે સરપંચ,ગામના તલાટી-કમ-મંત્રી,અન્ય વિભાગના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરના ભરચક્ક માંગનાથ વિસ્તાર, રસ્તા સાંકડા, બિલ્ડીંગો મોટા, ચકલી નાની ફળકો મોટો

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢ શહેરનો અતિ ગીચ અને ટ્રાફીકથી ધમધમતો એવો માંગનાથ વિસ્તારમાં રસ્તાઓ નાના અને સાંકડા છે અને બિલ્ડીંગો મોટા છે. જેનાથી એવું ફલિત થાય છે કે ચકલી નાની અને ફળકો મોટો જેવો ઘાટ છે. અહીં કોઈ દુર્ઘટના બને તો બચાવ અને રાહત કામગીરી કઈ રીતે કરવી તે સો મણનો સવાલ ઉઠવા પામે છે. તાજેતરમાં જ એટલે કે ગત શનિવારે ઘર-સંસાર નામના શોરૂમમાં અકસ્માતે આગ લાગી હતી અને આ આગની ઘટનામાં ખુબજ નુકશાન થયું હતું. જો આગ બુઝાવવામાં ત્વરીત કામગીરી કરવામાં ન આવી હોત તો કેવું પરિણામ આવે તે કહી શકાય તેમ નહોતું. આ આગની ઘટનાએ જૂનાગઢના બુધ્ધીજીવી વર્ગને વિચાર કરતા કરી મુકયા છે. કારણ કે માંગનાથનો સમગ્ર વિસ્તારમાં જોઈએ તો એકદમ સાંકડા રસ્તાઓ છે અને મોલ, દુકાનો સહિત રહેણાંક વિસ્તાર વગરેના બાંધકામો માટેના બિલ્ડીગો ખુબજ મોટા છે. આ ઉપરાંત વાહન પાર્કિંગના અભાવે લોકો કે ખરીદદારો અહીં ખરીદી માટે આવે છે ત્યારે જયાં -ત્યાં વાહન મુકી દેતા હોય છે અને જેને લઈને પણ ટ્રાફીકની ગીચામાં વધારો થાય છે. નથી સલામતી માટેના સાધનો કે નથી કોઈ વિશેષ સુવિધા જેને કારણે આ વિસ્તાર ગંભીર પરિસ્થિતીમાં મુકાયેલો છે. અને આવું શા માટે થયું ? તે પણ વિચાર કરતો પ્રશ્ન છે. ખાસ કરીને જૂનાગઢ મહાનગરપાલિકાના સત્તાધીશોએ કોઈપણ જાતની આગળ પાછળની લાંબી દ્રષ્ટી દોડાવ્યા વિના બાંધકામો માટેની દે ઠોક મંજુરી આપી દેવાના કારણે દિવસે ન વધે એટલા રાત્રે વધી જાય તેવા બિલ્ડીંગો ખડકાઈ ગયા છે. ટ્રાફીકથી સતત ધમધમતા એવા આ વિસ્તારમાં વાહન પાર્કિંગ માટેની કોઈપણ સુવિધા નથી. આગ જેવી ઘટના બને તો તાત્કાલીક ઉપાય માટે શું કરવું તેની સુધના પડતી નથી અને ફાયર સેફટી માટેના કોઈ સાધનો ઉપલબ્ધ નથી. આગ જેવી ઘટના ગત શનિવારે સર્જાઈ હતી. ત્યારે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે બચાવ અને રાહતની કામગીરી માટે દોડી આવ્યો હતો પરંતુ સૌથી મોટો સવાલ એ હતો કે આગ બુઝાવવા માટેના સાધનોને જે સ્થળે આગ લાગી છે ત્યાં લઈ જવા કઈ રીતે? ઘડીવાર મતી મુંઝાય જાય તેવો માહોલ સર્જાયો હતો. એકતરફ લોકોના ટોળેટોળા પણ ઉપસ્થિત થયા હતા અને અફરાતરફી ભર્યા વાતાવરણ વચ્ચે પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી અને પોલીસ અને ફાયર વિભાગે સંકલન કરીને પોલીસની દરમ્યાનગીરીથી અહીં ઉભેલા લોકોને બહાર સલામત રીતે જવા દેવામાં આવ્યા હતા. એટલું જ નહીં વાહનો પણ ખસેડવામાં આવ્યા હતા. અને વાહન નિયમન અસરકારક થયું ત્યારબાદ ફાયર વિભાગની કામગીરી સો ટકા સંપુર્ણ થઈ હતી. આગની આ ઘટનાએ ઘણાબધા સવાલોને ઉપસ્થિત કર્યા છે. ભવિષ્યમાં આવી કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે હવે તકેદારીના પગલા તંત્રવાહકોને લેવા જોઈએ. ખાસ કરીને આવા ગીચ વિસ્તારમાં અથવા તો જૂનાગઢના કોઈપણ વિસ્તારમાં કે જયાં સાંકડો પનો હોય તેવા રસ્તા ઉપર કોઈ દુર્ઘટના બને તો બચાવ અને રાહતની કામગીરી માટેના સાધનોને ઉપલબ્ધ કરાવવા જોઈએ. આગ જેવી દુર્ઘટના માટે સમયસર કાર્યવાહી થાય તો જ આગ બુઝાવી શકાય. નહીંતર આગની આ ઘટના ભયાનક સ્વરૂપ ધારણ કરે તેવો ખતરો ઉઠવા પામ્યો છે. બીજીતરફ વિચારણા કરવી પડે તેવા મુદા ઉપસ્થિત થયા છે. ત્યારે ભવિષ્યમાં કોઈપણ દુર્ઘટના ન થાય તે માટેનું વ્યવસ્થિત પ્લાનીંગ કરવાની જરૂર છે. જેમાં નિષ્ણાંતોના મતે આ વિસ્તારમાં એટલે કે સમયસર રાહત અને બચાવની કામગીરી માટે જનતા ચોક, યુકો બેંક, આઝાદ ચોક, પંચહાટડી ચોક વગેરે સ્થળે પાણીના સ્ત્રોતો ઉભા કરવા માટે અથવા તો પાણીનો પુરવઠો રાખવા માટે પોઈન્ટ ઉભા કરવા જોઈએ. તેમજ ફાયર સેફટીના સાધનોનો પુરવઠો પણ જળવાવો જોઈએ. આમાં સહેલો ઉપાય પાણી માટેનો એ છે કે, ભુગર્ભ પાઈપલાઈન દ્વારા પાણીની પાઈપલાઈન ફીટ કરી દેવી જોઈએ અને આવા પોઈન્ટ ઉપરથી બંબો લાગી જાય અને જે તે સ્થળોએ આગ જેવી ઘટનામાં પુરા ફોર્સથી પાણી ઉપલબ્ધ થાય અને આગ બુઝાવી શકે તે માટેનું આયોજન કરવું જોઈએ.

આ ઉપરાંત આ વિસ્તારમાં ગીચતાવાળા બિલ્ડીંગો, કોમર્શિયલ કોમ્પ્લેક્ષો કેટલા છે તેનો એક સર્વે કરવો જોઈએ. તેમજ રસ્તા તો પહોળા થઈ શકે તેમ નથી પરંતુ હવે કોઈ નવા બાંધકામો ન થાય તેની તકેદારી માટેનું પ્લાનીંગ પણ કરવું જોઈએ અને જરૂર પડયે કાયદેસરની કાર્યવાહી કરીને આવા બાંધકામો થતા અટકાવવા જોઈએ. વિશેષમાં નિષ્ણાંતોના અભિપ્રાય લઈ અને ખાસ લોકોની સલામતી માટે કેવા પગલા લેવા જોઈએ તે અંગેનું જબરૂં પ્લાનીંગ કરવાની જરૂર છે. સદ્નસીબે જયાં આગ લાગી હતી ત્યાં કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ ભવિષ્યની આવી ગંભીર દુર્ઘટનાનો ખતરો તોળાઈ રહયો છે ત્યારે જૂનાગઢ મનપા તંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી જાગૃત થાય અને અસરકારક પગલા લ્યે તેવી સમયની માંગ છે.

# ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને ૨૮ ડીસેમ્બરે સ્થાપનાના ૧૩૮ વર્ષ પુરા થશે

## સોમનાથ-પ્રભાસ પાટણમાં એક સમયે કોંગ્રેસનો દબદબો હતો

વેરાવળ તા. ૨૭

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ૨૮ ડીસેમ્બરે તેનો ૧૩૮ મો સ્થાપના દિન ઉજવે છે. આઝાદી પહેલા અને આઝાદી પછીના કેટલાક વર્ષો સોમનાથ વિસ્તારમાં તે કાળમાં કોંગ્રેસનો ભારે દબદબો હતો.

વાત એ અતીતની છે. કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ ખાદીની ધોતી-ઝભ્ભો, બંડી અને ખાદીની ટોપી પહેરતા, તેઓ પક્ષને એટલા સમર્પિત હતા કે પક્ષ વિષે ઘસાતં કયોય નન સાંભળી શકતા. તે સમયે ચુંટણીનું ફેમસ સુત્ર હતું કે 'બે બળદની જોડી, કોઈ ન શકે તોડી.' તે સમયે અખબારો, ગામ-ગામડામાં બહુ ફેલાયેલા નેતા તેમજ ટીવી-મોબાઈલ જેવા સાધનો પણ ન હતા એટલે લોકોને વડાપ્રધાન કે પ્રધાનને જોવા ખાસ ચુંટણી સભામાં આવતા હતા જેમાં જવાહરલાલ નહેરૂ કે ઈન્દિરા ગાંધીજીનું ભાષણ સાંભળવું એ એક લ્હાવો હતો.

તે સમયે હેલીકોપ્ટર પણ લોકો માટે નવું હતું. જેથી ચકકર ફરતા પંખા સાથેનું હેલીકોપ્ટર ખેતરના મેદાનમાં ઉતરે તે જોવા ગામ ઉમટતું હતું. કોંગ્રેસના પ્રાથમિક તબકકામાં નિશાન બે બળદની જોડી, ત્યારબાદ ગાય-વાછરડું અને હાલ પંજો છે. કોંગ્રેસ માળખામાં જુદા જુદા કારણોસર વખતો-વખત ફેરફાર થયેલ છે.

સોમનાથના ભાસ્કર વૈદ્ય કહે છે કે, સૌરાષ્ટ્ર રાજયના પ્રથમ મુખ્યપ્રધાન ઉછરંગરાય નવલશંકર ઢેબર પાંચ-પાંચ વખત રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ પદે બિરાજી ચુકયા છે. (૬૪)યુ.એન. ઢેબર-સ્થળ અવાડી, પ્રમુખ વર્ષ ૧૯૫૫ સમયગાળો-૨૧ સપ્ટે. ૧૯૦૫ થી ૧૯૭૭, (૬૫) યુ.એન. ઢેબર સ્થળ: અમૃતસર, પ્રમુખ વર્ષ ૧૯૫૬, સમયગાળો ૨૧ સપ્ટે. (૬૬) યુ.એન. ઢેબર -સ્થળ: ઈન્દોર, પ્રમુખ વર્ષ ૧૯૫૭, (૬૭) યુ.એન. ઢેબર -સ્થળ: ગોહાટી, વર્ષ ૧૯૫૮, (૬૮)યુ.એન. ઢેબર-સ્થળ નાગપુર, પ્રમુખ વર્ષ ૧૯૫૯. એટલું જ નહીં સોમનાથનું મંદિર પણ નવનિર્માણ કરનાર સરદાર વલ્લભભાઈ પટેલ સ્થળ કરાંચી, પ્રમુખ વર્ષ ૧૯૩૧ પણ બિરાજમાન રહી ચુકયા છે.

# નૂરી કલીનીક તથા નિદાન કેન્દ્રમાં ૨૨ માં સમુહ ખત્ના કેમ્પનું આયોજન

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢની ખાનકાહે રઝવિય્યાહના ગુલઝાર બાપુ નૂરી દ્વારા ચાલતું નૂરી કલીનીક તથા નિદાન કેન્દ્ર ખાતે તા.૩૧-૧૨-૨૩ ને રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૧૨ કલાક સુધી સમુહ ખત્ના કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ સમુહ ખત્ના કેમ્પમાં ખત્નાના સ્પેશ્યલ ડોકટર સેવા આપનાર છે અને ફકત ત્રણ મિનીટમાં સફળતા પુર્વક બાળકને કોઈ તકલીફ પડે નહીં તેવી રીતે ખત્ના કરી આપવામાં આવશે. આ સમુહ ખત્ના કેમ્પનો હેતુ મુસ્લીમ સમાજમાં ખત્નાના નામે ચાલતા કુરિવાજો, જાગરણ, ડીજે, વરઘોડા કાઢવા વગેરે ફાલતુ ખર્ચાઓને દુર કરવાના હેતુસર ખત્ના કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ ખત્ના કેમ્પમાં બાળક દીઠ રૂા.૮૫૧/- ફી રાખવામાં આવેલ છે. તેમજ જરૂરીયાત મુજબની દવા વિનામૂલ્યે આપવામાં આવશે. આ સમુહ ખત્ના કેમ્પમાં જે વાલીઓ પોતાના બાળકની ખત્ના કરાવવા ઈચ્છતા હોય તેઓએ મો. નં.૯૯૦૪૧ ૩૬૭૮૬, ૭૮૭૪૪ ૮૭૬૩૬, ૯૮૨૪૨-૦૨૬૯૫, ૯૯૯૮૮ ૩૯૪૦૬ ઉપર નામ નોંધાવી દેવાનું રહેશે. આ સમુહ ખત્ના કેમ્પનો વધુમાં વધુ લાભ લેવા જૂનાગઢ તથા આસપાના ગામના વાલીઓને અનુરોધ કરવામાં આવેલ છે.

# સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટ સંસ્થાનની ઉના આનંદગઢ શાખાનો દશાબ્દી મહોત્સવ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૭

દિકરીઓ થકી સ્વામિનારાયણ સંપ્રદાયનો ફેલાવો થયો છે. દિકરીઓ પોતાના માવતરના ઘરેથી સત્સંગ લઈને સાસરે જાય છે અને ત્યાં પોતાના સંતાનો અને સાસુ સસરા વગેરે પરિવારને સત્સંગ, સદાચારના રંગે રંગી દે છે. કુસંગ અને વ્યસનોથી છોડાવે છે. ઘણી વખત તેમ કરવામાં તેઓને ઘણું સહન કરવું પડતું હોય છે પરંતુ અંતે એમના પક્ષે ભગવાન ભળે છે અને એમનો વિજય થતો હોય છે એમ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટ સંસ્થાનની ઉના આનંદગઢ શાખાના દશાબ્દી મહોત્સવ પ્રસંગે વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદીના પરમ પૂજય ધર્મ ધુરંધર ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજના લાલજી શ્રી સૌરભપ્રસાદદાસજીએ શ્રી સ્વામિનારાયણ પ્રેમવતી મહિલા મંદિરના ઉદ્‌ઘાટન તથા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સમયે કહ્યું હતું.

વધુમાં લાલજી શ્રી સૌરભપ્રસાદજી મહારાજે કહ્યું હતું કે મંદિરો થકી જ ઉપાસનાની પ્રવૃત્તિ થતી હોય છે. એના માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સમયમાં જ છ મોટા મંદિરોનું નિર્માણ કરાવી તેમાં દેવો પધરાવેલ છે. રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલના સંસ્થાપક શાસ્ત્રી ધર્મજીવનદાસજી સ્વામીએ સેંકડો મંદિરો બંધાવ્યા છે, તમે બધા ભાઈ બહેનો તેમાં બેસી ભજન ભક્તિ, સત્સંગનું પાન કરી જીવનને ધન્ય બનાવો છો અને વિશેષને વિશેષ બનાવતા રહો એવી પણ કૃપાળુ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં અમે પ્રાર્થના કરીએ છીએ. પ્રારંભમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના નવમાં વંશજ અને ગુરૂકુલના વિદ્યાર્થી લાલજી શ્રી સૌરભપ્રસાદનું ગુરૂકુલના મહંત સ્વામી શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી તથા પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીએ હાર પહેરાવી સ્વાગત કરેલ હતું.

ઉનાના શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળમાં બિરાજતા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના દશાબ્દી મહોત્સવના સમાપન પર્વે સ્વામી શ્રી સર્વજ્ઞદાસજી, મહંત સ્વામી શ્રી દેવપ્રસાદદાસજી તથા પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીએ યજમાનોને આશીર્વાદ પાઠવેલ હતા. વકતા શાસ્ત્રી શ્રી મંગલ સ્વરૂપદાસજી સ્વામી તથા શાસ્ત્રી શ્રી ચૈતન્યરૂપદાસજી સ્વામીએ નાઘેર લીલા કથા અંતર્ગત સદગુરુ શ્રી બાલમુકુંદદાસજી સ્વામી, શ્રી ધર્મસ્વરૂપદાસજી સ્વામી, પુરાણી ગોપીનાથદાસજી સ્વામી, શાસ્ત્રીજી મહારાજ શ્રીધર્મજીવનદાસજી સ્વામી , પુરાણી પ્રેમ પ્રકાશદાસજી સ્વામી, શ્રી જોગી સ્વામી તેમજ શ્રીકૃષ્ણ ચરણદાસજી સ્વામી, શ્રી નારાયણદાસજી સ્વામી વગેરે સંતોએ આ પ્રદેશમાં સત્સંગ પ્રવચનના કાર્ય કરવાની સાથે હરિભકતોના દુઃખો દૂર કરી સુખિયા કરેલા તેના પ્રસંગોની કથા સંભળાવવા સાથે તે સંતોનું પૂજન હરિભક્તો તથા વડિલ સંતો પાસે કરાવેલ હતું.

ઉત્સવના અંતિમ દિવસે ઉપસ્થિત ૭૦૦૦ ઉપરાંત બહેન-ભાઈઓને બાજરાના રોટલા, રીંગણાનું શાક, મોતિયા લાડુ વગેરે ભોજન પ્રસાદ બનાવવાની સેવા શ્રીકૃષ્ણસેવાદાસદાસજી સ્વામી તથા પાટડી વર્ણીન્દ્ર ધામથી પધારેલા શ્રી સર્વમંગલદાસજી સ્વામી તેમજ સુરતના શ્રી કમલેશ ભગત વગેરેએ કરેલ હતું. મહંત સ્વામીએ સેવા કરનારા નામી અનામી સર્વે ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રી પ્રભુ સ્વામીના જણાવ્યાનુસાર સુરત ગુરૂકુલથી પુરાણી સ્વામી ધર્મવલ્લભદાસજી સ્વામી દર અમાસના દિવસે ઉના ગુરૂકુળમાં પધારશે. દર મહિને યોજાતી સહજાનંદી સત્સંગ સભા હવેથી અમાસના દિવસે થશે. તથા ૨૦૦ વર્ષ પહેલા ગોપાલાનંદ સ્વામી રચિત બીજ મંત્રનો મહાયજ્ઞ કરાશે. જેમાં આપ સૌ ભક્તો પધારશો અને મહાયજ્ઞનો લાભ બહેન-ભાઈઓ અલગ અલગ રીતે લઈ શકશે. તથા પ્રદિક્ષણાઓ કરી પોતાની મનોકામના પૂર્ણ કરી શકશે એમ વાત કર્યા પછી ભગવાનની ધૂન અને જયનાદો સાથે રંગે ચંગે દશાબ્દી મહોત્સવનું સમાપન કરવામાં આવેલ હતું.

## પટેલ કેળવણી મંડળ જૂનાગઢના ઉપક્રમે

# કાલરીયા પ્રાયમરી સ્કૂલ અને ભાલોડીયા હાઈસ્કૂલના વાર્ષિકોત્સવ 'કલરવ - ૨૦૨૩' ની શાનદાર ઉજવણી



જૂનાગઢ તા. ૨૭

પટેલ કેળવણી મંડળ સંચાલિત કાલરીયા પ્રાયમરી સ્કૂલ અને ભાલોડીયા હાઈસ્કૂલના અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમમાં પ્રી પ્રાયમરીથી ધોરણ ૧૨ માં અભ્યાસ કરતા ૩૨૦૦ વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓએ તા. ૨૨ થી ૨૪ ડિસેમ્બરના ત્રણ દિવસ સુધી જાવીયા રંગભૂમિના સુશોભિત સ્ટેજ ઉપરથી ગુજરાતી લોકસંગીત, મરાઠી, રાજસ્થાની, પંજાબી અને વેસ્ટર્ન મ્યુઝિકના તાલે ૯૦ થી વધુ અદ્‌ભુત કૃતિઓ રજૂ કરી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત વાલીઓ પ્રેક્ષકોના મન મોહી લીધા હતા.

તા. ૨૨/૧૨/૨૦૨૩ ના રોજ મેયર ગીતાબેન પરમારની ઉપસ્થિતિમાં કાલરીયા પ્રાયમરી સ્કૂલ અને ભાલોડીયા સ્કૂલના ૩૦૦ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને શિક્ષણ તથા સહ અભ્યાસી પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ સંસ્થા તરફથી પુરસ્કારો/શિલ્ડ ઉપસ્થિત મહાનુભાવના વરદ્‌હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

તા. ૨૨ થી ૨૪ ડિસેમ્બરના આ ત્રિદિવસીય કાર્યક્રમમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કાંતિભાઈ ફળદુ, ટ્રસ્ટીશ્રી / પ્રમુખશ્રી CA સવજીભાઈ મેનપરા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી રતિભાઈ મારડિયા અન્ય ટ્રસ્ટીઓ સર્વ શિરીષભાઈ સાપરિયા, કિશોરભાઈ મેંદપરા, ડૉ. જમનભાઈ જસાણી, વિનુભાઈ પાડોદરા, ભાવિનભાઈ છત્રાળા તથા ઈન્ચાર્જશ્રીઓ / કારોબારી સમિતિના સભ્યો ડૉ. પી. આર. ગોધાણી, ધીરૂભાઈ સાદરિયા, મોહનભાઈ રાજપરા, પ્રવીણભાઈ ભડાણીયા, નંદલાલભાઈ દલસાણીયા, મનુભાઈ દેકિવાડિયા, ડો. કૌશિક ફળદુ, ભગવાનજીભાઈ મેંદપરા, અનિલભાઈ ઝાલાવાડીયા, વિઠ્ઠલભાઈ વૈશ્નાણી, કેમ્પસ ડાયરેકટર ડો. ડી. એ. ઢઢાણીયા, ડેપ્યુટી એકેડેમિક ડાયરેકટ નીરજભાઈ વાછાણી, સંસ્થા સંચાલન હેઠળની તમામ શાળાઓ કોલેજોના પ્રિન્સિપાલશ્રીઓ, શિક્ષકો અને પ્રોફેસરોએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

તા. ૨૨ થી ૨૪ ડિસેમ્બરના ત્રિદિવસીય કાર્યક્રમમાં અતિથિ વિશેષશ્રીઓમાં અન્ય મહાનુભાવો જૂનાગઢના સંસદસભ્ય રાજેશભાઈ ચુડાસમા, સંજયભાઈ કોરડીયા (ધારાસભ્ય જુનાગઢ), અરવિંદભાઈ લાડાણી (ધારાસભ્ય માણાવદર), અરવિંદભાઈ લાડાણી (પૂર્વ ધારાસભ્ય કેશોદ), હર્ષદભાઈ મહેતા (ડી. એસ. પી.),ગીતાબેન પરમાર (મેયરશ્રી), કમિશનર રાજેશભાઈ તન્ના, જૂનાગઢ એગ્રી. યુનિવર્સિટીના કુલપતિશ્રી વી.પી. ચોવટીયા, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ચેતનભાઈ ત્રિવેદી, શાળા સંચાલક મંડળના પ્રમુખ જી. પી. કાઠી, ઉદ્યોગપતિ ચેતનભાઈ ફળદુ, કલ્પેશભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ, હરેશભાઈ પરસાણા, પુનિતભાઈ શર્મા તથા સામાજિક - ધાર્મિક સંસ્થાઓ સાથે જોડાયેલા અગ્રણીઓ, પ્રિન્ટ મીડિયા અને ઈલેકટ્રોનિક્સ મીડિયાના પત્રકાર મિત્રોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમના ઉદ્‌ઘોષક તરીકે વરિષ્ઠ શિક્ષિકાઓ રિયાબેન ઈસરાની, જિજ્ઞાબેન બક્ષી અને વિવાદાબેન પંડયાએ સુંદર કામગીરી બજાવેલ હતી. વાર્ષિકોત્સવના સુંદર આયોજન બદલ મેનેજમેન્ટે પૂરી ટીમને ધન્યવાદ પાઠવેલ હતા.

## ઉનાની ગાંધી કન્યા વિદ્યાલયની

# ધો. ૯ ની વિદ્યાર્થીનીઓએ તાલુકા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી



ઉના તા. ૨૭: ઊના તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી ગાંધી કન્યા વિદ્યાલયમાં ધોરણ ૯માં અભ્યાસ કરતી બહેનોએ ઊના તાલુકા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. ઊનાના પોલીસ ઈન્સ્પેકટર એન.કે. ગૌસ્વામી અને સ્ટાફે પોલીસ સ્ટેશનની વિવિધ કામગીરી, મહિલા સુરક્ષા અંગેના નિયમો અને કાયદાઓની જાણકારી આપી હતી. તેમજ બહેનોએ પૂછેલ પ્રશ્નોના જવાબ પણ આપેલ હતા.



ઘરમાં ઘરવાળી આવવા નથી દેતી અને સંસદમાં અધ્યક્ષ, હવે આપણે જાવું કયાં?



બહેન, ખાવાનું નહિં પરંતુ તમારા ઘરના વાઈફાઈના પાસવર્ડ આપો ને.!

# ડ્રગ્સના આરોપીઓને શપથ લેવડાવાયા, હવે પકડાશે તો મિલકત જપ્ત કરાશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ પોલીસ દ્વારા ડ્રગ્સની બદીને દુર કરવા માટે વિવિધ જાગૃતિ અભિયાન કરવામાં આવી રહ્યા છે. થોડા સમય પુર્વે મેરેથોન યોજવામાં આવી હતી. જીલ્લામાં ભૂતકાળમાં ડ્રગ્સ, ગાંજો, ચરસ જેવા નશાકારક પદાર્થ સાથે પકડાયેલા આરોપીઓને ટ્રેક ધ ક્રીમીનલ અભિયાન હેઠળ પોલીસ હેડકવાર્ટર ખાતે લાવવામાં આવ્યા હતા. તેઓ હાલ શું પ્રવૃતિ કરે છે તે સહિતની બાબતોને જાણી હતી અને તેઓને હવે નશાકારક પદાર્થોની હેરાફેરી કે વેંચાણ ન કરવા અંગે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. એસપી હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે, જે આરોપીઓ ડ્રગ્સ સાથે પકડાયા છે તેઓ વધુ પૈસા કમાવાની લાલચમાં આ ધંધે ચડયા હતા પરંતુ આ ગુનામાં પકડાયા બાદ લાંબો સમય જેલમાં રહેવું પડે છે અને તેનું જીવન બરબાર થઈ જાય છે. વધુમાં એસપીએ જણાવ્યું હતું કે, યુવાનો સંગત દોષના કારણે ડ્રગ્સના રવાડે ચડે છે પરંતુ યુવાઓએ આ બરબાદી તરફના રસ્તા ઉપર જવાના બદલે સ્પોર્ટસ કે અન્ય પ્રવૃતિ કરવી જોઈએ. છેલ્લા ૨૦ વર્ષમાં જૂનાગઢ જીલ્લામાં નશાકારક પદાર્થ સાથે પકડાયેલા અને હાલ જામીન ઉપર મુકત થયેલા ૪૫ જેટલા આરોપીઓને પોલીસે ચેતવણી આપતા જણાવ્યું હતું કે, હવે જો નશાકારક પદાર્થ સાથે પકડાશે તો તેની સામે તો ઠીક પરંતુ તેની મિલ્કત જપ્ત કરાવવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે અને આરોપીને તો તકલીફ પડશે પરંતુ તેના પરિવારને પણ તકલીફ પડશે. પોલીસ દ્વારા આ માટે ખાસ નજર રાખવામાં આવશે.

# શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ જૂનાગઢ દ્વારા શ્યામવાડી ખાતે સ્વ.ધીરૂભાઈ ગોહેલની પ્રાર્થના સભા યોજાઈ



જૂનાગઢ, તા.૨૭

શ્રી ગુર્જર ક્ષત્રિય સમાજના ભામાશા જ્ઞાતિ રત્ન શ્યામવાડીના સ્વપ્રદ્રષ્ટા ધીરૂભાઈ નારણભાઈ ગોહેલ તા ૨૦-૧૨/૨૦૨૩ના રોજ અક્ષર નિવાસી થયેલ છે. સદગતના આત્માને સદગતિ માટે શ્યામવાડી જૂનાગઢ ખાતે તારીખ ૨૫ /૧૨/ ૨૦૨૩ના રોજ રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ પ્રાર્થના સભાનુ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રાર્થના સભામાં કડિયા સમાજના ટ્રસ્ટીઓ, વિભાગીય પ્રમુખો, ઉપપ્રમુખો, ભૂતપૂર્વ પ્રમુખો, હોદેદારો અને શ્યામ મહિલા મંડળના સભ્ય બહેનો તેમજ સેવા સંસ્થાના હોદેદારો તથા સભ્યો, જ્ઞાતિ અગ્રણીઓ સાથે સમાજના ભાઈઓ તથા બહેનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપી શ્રદ્ધા સુમન અર્પણ કરેલા હતા. આ પ્રાર્થના સભામાં દીપ ચુડાસમાએ શ્રદ્ધાંજલિના અનુરૂપ કીર્તન ધૂન રજૂ કર્યા હતા.

# કેશોદ : ખોટા દસ્તાવેજ કરી રૂા. ૬૨,૫૫,૦૦૦ની વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

કેશોદ તા.૨૭

કેશોદના માંગરોળ રોડ, પીપલીયાનગર, સિધ્ધી વિનાયક સોસાયટી-૧ ખાતે રહેતા મધુબેન દેવાયતભાઈ જોટવા (ઉ.વ.૬૦)એ પરષોતમભાઈ દેવરાજભાઈ વણપરીયા, નયનભાઈ પરષોતમભાઈ વણપરીયા રહે.કેશોદ તથા તપાસમાં ખુલ્લે તે તમામ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના બંને આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે કેશોદ નગરપાલીકા વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નં-૭૦૪ પૈકી ચો.મી.૩૩૫/૩૯ ચો.ગજ ૯૦૪/૦૪ ક્ષેત્રફળ વાળી જમીન ઉપર ઉતર તરફ બાંધવામાં આવેલી દુકાન નં-૪ તેનો બીલ્ડઅપ ચો.મી.૨૧/૨૮ વાળી દુકાનમાં બોજો હોવા છતાં ફરિયાદીને વેંચી દઈ તથા અન્ય સાહેદોને પણ આજ બીલ્ડીંગની મકાન તથા દુકાનો વેંચી દઈ કુલ કિ.રૂા. ૬૨,૫૫,૦૦૦ની ફરિયાદી તથા સાહેદોની સાથે છેતરપિંડી વિશ્વાસઘાત કરી લઈ ખોટો દસ્તાવેજ બનાવી ખોટા સોગંદનામા કરી લઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૩૪ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે જેની વધુ તપાસ કેશોદ પોલીસ ચલાવી રહી છે.

# વિસાવદર તાલુકાના કાલસારી ગામે મંદિરની દાનપેટીમાંથી રૂા. ૪૨ હજારની તથા અન્ય સ્થળેથી રૂા. ૪૮ હજારના મુદ્દામાલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

વિસાવદર તાલુકાના કાલસારી ગામે ભાયાણી પ્લોટ સરકારી દવાખાના પાસે રહેતા બાબુભાઈ પુનાભાઈ સરદારા (ઉ.વ.૫૯)એ પોલીસમાં અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદી તથા સાહેદના પરિવારના કુળદેવીના મંદિરમાંથી બંને દાનપેટીમાં રાખેલ રોકડ રૂા.૪૨ હજાર તથા સાહેદ રતીલાલભાઈના વાડીના ખુલ્લા મેદાનમાં રાખેલ ઝટકા મશીન, બેટરી, સોલાર પ્લેટ તથા ઝુલાના સળીયા મળી રૂા.૬ હજાર સાથે કુલ રૂા.૪૮ હજારની કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આ અંગે ગુનો નોંધી વિસાવદર પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

# જૂનાગઢના લીરબાઈપરાના રામ ચોક વિસ્તારમાં રહેણાંક મકાનમાં ધોળા દિવસે તસ્કરોનો હાથફેરો : રૂા.૩૩ હજારના મત્તાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢના લીરબાઈપરા હુડકો પોલીસ લાઈનની પાછળ રામચોક વિસ્તારમાં આવેલ એક રહેણાંક મકાનમાં ધોળા દિવસે તસ્કરએ હાથફેરો કરી રૂા.૩૩ હજારના મુદ્દામાલની ચોરી કર્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે સી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર, રામચોક વિસ્તાર લીરાબાઈપરા હુડકો પોલીસ લાઈનની પાછળ રહેતા સંતોકબેન અરજણભાઈ કુછડીયા(ઉ.વ.૪૫)એ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના કોઈ અજાણ્યા વ્યકતીએ દિવસના સમયે આ કામના ફરીયાદીના રહેણાક મકાનના તાળા તોડી અંદર પ્રવેશ કરી રૂમમાં પડેલ લોખંડના કબાટ ખોલી તેમની અંદર રહેલ તેજુરી ખોલી તેમાં પડેલ પ્લાસ્ટીકના ડબ્બામાં રહેલ ડોઢ તોલાની સોનાની કળી આપેલ હતી જેની કિ.રૂા. આશરે ૯,૦૦૦/- તથા ચાંદિની માળા જેની આશરે કિ.રૂા.૫,૦૦૦/- તથા પગના સાકરા ચાંદિના જેની આશરે કિ.રૂા.૪૦૦૦/- અને સોનીના પર્સમાં રહેલ કાગળો તથા ઘરેણાઓના બિલો અને બિજા પર્સમાં રોકડા રૂપિયા ૧૫૦૦૦/- જે પ્લાસ્ટીકનું ડબલું અને રોકડ રૂપીયા તથા કાગળો રાખેલ બન્ને પર્સ જે સામાન અંદાજીત કુલ કિ.રૂા. ૩૩૦૦૦/-ના સામાનની ચોરી કરી લઈ ગુન્હો કર્યા અંગેની ફરિયાદ નોંધાવતા સી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વંથલી તાલુકાના આખા ગામે જુગાર દરોડો : ત્રણ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

વંથલી તા.૨૭

વંથલી તાલુકાના આખા ગામે રહેતા શબ્બીરશા હુસેનશા ઠેબા(ઉ.વ.૩૩) પોતાના કબ્જા ભોગવટાના મકાનમાં માણસો બોલાવી અને જુગાર રમાડતો હોવાની તેમજ આર્થિક લાભ માટે નાલ ઉઘરાવી અને જુગારનો અખાડો ચલાવતા હોવાની બાતમીના આધારે વંથલી પોલીસે જુગાર અંગે દરોડો પાડતા કુલ ત્રણ શખ્સોને રૂા.૨૦,૯૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવની વધુ તપાસ વંથલી પોલીસ ચલાવી રહી છે.

# ભેંસાણ તાલુકાના ડમરાણા ગામે ઝેરી દવા પીતા યુવતીનું સારવાર દરમ્યાન મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

ભેંસાણ તા.૨૭

જૂનાગઢ જીલ્લાના ભેંસાણ તાલુકાના ડમરાણા ગામે ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન ૨૦ વર્ષની એક યુવતીનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે ભેંસાણ પોલીસે આપેલી વિગત અનુસાર, મુળ રાજસ્થાનના ટાંડી મોટી ગામના રહેવાસી અને હાલ ભેંસાણ તાલુકાના ડમરાણા ગામ નજીક એક વાડીએ રહેતા મૃતક શર્મિલાબેન શંકરભાઈ પારગી(ઉ.વ.૨૦) નામની યુવતીને તેના બનેવી સાથે આડા સંબંધ હોય અને તેના મોટા બહેન મૃતક યુવતીને તથા તેના પતિને જોઈ જતા આ બાબતે મૃતક યુવતી શર્મિલાબેનને લાગી આવતા પોતાની મેળે કોઈ ઝેરી દવા પી જતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ જયાં સારવાર દરમ્યાન તેનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે ભેંસાણ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે.

# શ્રી પ્રેમ ભિક્ષુજી મહારાજ પ્રેરિત શ્રી અખંડ રામધુનને રવિવારે ૧૦ હજાર દિવસ પુર્ણ થશેઃ વિવિધ કાર્યક્રમોનું આયોજન

જૂનાગઢ, તા.૨૭

ગરવા ગિરનારની ગોદમાં, ભક્ત કવિ નરસિંહ મહેતાની કર્મભુમિ એવા ઐતિહાસિક જૂનાગઢ મહાનગરમાં વિશ્વ શાંતિ તથા જીવમાત્રના કલ્યાણના શુભ ઉદ્દેશ્યથી અંબિકા ચોક, નગર રોડ ખાતે તા.૧૫/૮/૧૯૯૬ થી પ.પૂ. પ્રેમભિક્ષુજી મહારજ પ્રેરિત અખંડ રામધુન 'શ્રી રામ જય રામ જય જય રામ'નો નાદ સતત દિવસ-રાત ૨૪ કલાક ચાલે છે. આગામી તા. ૩૧/૧૨/૨૦૨૩ના રોજ અખંડ રામધુનના ૧૦૦૦૦ (દશ હજાર) દિવસ પુરા થશે તેના ઉપલક્ષ્યમાં વિવિધ ધાર્મિક, સામાજીક-સેવાકીય કાર્યો દ્વારા ભવ્ય ઉજવણી કરવાનું મંડળ દ્વારા આયોજન કરેલ છે. તા. ૨૯ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ શુક્ર, શનિ, રવિવાર દરરોજ સવારે ૬-૩૦ કલાકે પ્રભાત ફેરી, રાત્રે ૯-૩૦ થી ધુનની વિશેષ રમઝટ, સાંજે ૭-૩૦ કલાકે મહાઆરતી. તા ૧/૧/૨૦૨૪ થી ૭/૧/૨૦૨૪ સુધી દરરોજ જૂનાગઢની ગૌશાળામાં ગાયોને ખોળ-કપાસિયા તથા રસ્તામાં સુતા ભિક્ષુકોને ધાબળા વિતરણ તેમજ મકરસંક્રાતિ નિમિત્તે તા. ૩૧/૧/૨૦૨૪ શનિવારે ગિરનાર પરિક્રમા સ્પેશિયલ બસ દ્વારા માર્ગમાં આવતી ગૌશાળામાં ગાયોને લાડુ, ખોળ, કપાસિયા વિતરણના કાર્યક્રમ રાખેલ છે. આ ધાર્મિક-સેવાકિય કાર્યોમાં ધર્મલાભ લેવા સર્વ ધર્મ પ્રેમી જનતાને પધારવા અખંડ રામધુન મંડળ ટ્રસ્ટ- જૂનાગઢ જાહેર આમંત્રણ પાઠવે છે તથા ગૌસેવા તેમજ વિશેષ સહયોગ માટે સહયોગ આપવા પરેશભાઈ બાટવીયા (૯૯૧૩૨ ૮૭૧૧૬), રજનીભાઈ કોટેચા- (૯૮૨૫૩ ૨૦૬૦૦) ડો. એમ. એમ. રાવલ (૯૪૨૭૨ ૦૩૬૩૮)નો સંપર્ક કરવા અનુરોધ કરેલ છે.

# સોમનાથ - રાજકોટ ટ્રેનમાં ભુલાઈ ગયેલ કિંમતી થેલો પોલીસે શોધીને મુસાફરને પરત કર્યો



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૭

જુનાગઢના મુસાફર પોતાના અગત્યના ડોક્યુમેન્ટ અને ત્રણ મોબાઈલ રાખેલ કિંમતી થેલો મુસાફરી દરમ્યાન ટ્રેનમાં ભુલી ગયા હતા. જેની જાણ થતાં વેરાવળ રેલવે પોલીસના સ્ટાફએ ત્વરીત કાર્યવાહી શોધખોળ હાથ ધરી કિંમતી થેલો શોધીને મુસાફરને પરત કરવાની સતર્કતા પૂર્વકની ફરજ બજાવી હતી. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ-સોમનાથ ટ્રેનમાં જૂનાગઢથી પ્રફુલભાઈ મોરી બેસેલ હતા અને માળીયા હટીના સ્ટેશનએ ઉતરી ગયા હતા. દરમ્યાન તેઓ પોતાનો અગત્યના કાગળો તથા ત્રણ મોબાઈલો રાખેલ કિંમતી થેલો ટ્રેનમાં જ ભુલી ગયા હતા. જેની યાદ ઉતરી ગયાના થોડા સમય બાદ થતા પ્રફુલભાઈએ રેલવે પોલીસને જાણ કરી હતી. જે માહિતીને લઈ વેરાવળ રેલવે પોલીસના હે.કો. રાજેન્દ્ર જાડેજા, માનસિંહભાઈ, પરેશભાઈએ ટ્રેનમાં શોધખોળ હાથ ધરતા મુસાફરે જણાવ્યા મુજબનો બ્લુ કલરનો થેલો રેઢો મળી આવતા તેને કબ્જામાં લઈ ખરાઈ કરી હતી. બાદમાં પ્રફુલભાઈને વેરાવળ રેલવે સ્ટેશન ખાતેની પોલીસ ચોકીએ રૂબરૂ બોલાવી હાથો હાથ થેલો રેલવે પોલીસે પરત કર્યો હતો ત્યારે પોલીસની સતર્ક કામગીરીને મુસાફરએ આવકારી હતી.

# જૂનાગઢમાં અખિલ ગુજરાત પ્રજ્ઞાચક્ષુ બહેનોની વિવિધ સ્પર્ધા યોજાશે

જૂનાગઢ, તા.૨૭

પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અંધ કન્યા છાત્રાલય તેમજ સત્યમ સેવા યુવક મંડળ જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે અખિલ ગુજરાત પ્રજ્ઞાચક્ષુ બહેનોની વિવિધ સ્પર્ધાઓ યોજાશે. તારીખ ૩૦ અને ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ આગામી શનિવાર અને રવિવારના રોજ ગુજરાતની ૧૮૦ અંધ દીકરીઓ ભાગ લેશે.

અંધ કન્યા છાત્રાલય સંસ્થાના સ્થાપના દિવસ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ સ્પર્ધાઓ યોજેલ છે જેમાં પ્રજ્ઞાચક્ષુ દીકરીઓમા રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે સાડી પરિધાન, એકપાત્રીય અભિનય, લેપટોપ કોમ્પ્યુટર, મેમરી ગેમ, જુના ફિલ્મી ગીતો વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે. સમગ્ર ગુજરાતની અંધજનના ઉત્કર્ષ ક્ષેત્રે કાર્ય કરતી જુદા જુદા જિલ્લાઓમાંથી આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સંસ્થાઓ દ્વારા અંધ દિકરીઓ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગને દીપાવવા માટે જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા, પ્રવિણાબેન ગિરીશભાઈ ચોકસી, લોઢીયાવાડી મેનેજિંગ ટ્રસ્ટી કિરીટભાઈ રાણીંગા ખાસ હાજર રહેશે. તેમજ તમામ સ્પર્ધક અંધ દીકરીઓને આશીર્વાદ આપવા માટે પ્રમુખ સાધુ સમાજ પૂજ્ય મુક્તાનંદબાપુ, મોટી હવેલી જુનાગઢ, પ.પુ. ગોસ્વામી શ્રીપિયુષબાવા, મહંત ભુતનાથ મહાદેવના મહંત પૂજ્યશ્રી મહેશ ગીરીબાપુ ઉપસ્થિત રહેશે. તમામ સ્પર્ધાઓમાં વિજેતા થનાર એકથી પાંચ નંબરને રોકડ પુરસ્કાર તેમજ તમામ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના તમામ ટ્રસ્ટીઓ તેમજ પ્રમુખ મનસુખભાઈ વાજા, મેનેજિંગ ટ્રસ્ટી મુકેશગીરી એસ. મેઘનાથી જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.


## ભાવભરી શ્રદ્ધાંજલી



અ.નિ. ધીરૂભાઈ નારણભાઈ ગોહેલ

અક્ષરવાસ તા. 20-12-2023, બુધવાર

આપના સ્નેહ સ્મરણના પુષ્પો મુરજાવાના નથી, વસ્યા છો અમ દિલમાં કદી દુર જવાના નથી, સ્નેહ આશિષની અમી વર્ષા સદા અમ પર વરસતી રહે. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.

કિશોરભાઈ મોહનભાઈ ચોટલીયા
છાયાબેન કિશોરભાઈ ચોટલીયા
રૂશાંત કિશોરભાઈ ચોટલીયા
વૈશાલી રૂશાંતભાઈ ચોટલીયા


# વેરાવળના મલોઢા ગામમાં જુદા જુદા સ્થળોએ ગેરકાયદેસર માઈનીંગની કામગીરી સામે ગ્રામજનોમાં રોષ

## માઈનીગની કામગીરી સત્વરે બંધ નહીં થાય તો આત્મવિલોપન કરવાની ગ્રામજનોએ ચિમકી ઉચ્ચારતી રજુઆત કલેકટરને કરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૭

વેરાવળ તાલુકાના મલોઢા ગ્રામ પંચાયતની ગૌચરની જમીન તથા ગામમાં જુદા જુદા સ્થળોએ અંગત લાભ અર્થે ગેરકાયદેસર રીતે માઈનીગનું કામ કરી વાતાવરણને પ્રદૂષિત કરતા હોવાથી ગ્રામજનોને શારીરીક- માનસિક હેરાનગતિ થઈ રહી છે. જેથી આ કામગીરી સત્વરે બંધ કરાવવા અંગે ગ્રામજનોએ લેખિત ફરીયાદ જીલ્લા કલેકટર, ખાણ ખનીજ વિભાગ સહીત સંબંધીતોને કરી છે. જેમાં આ કામગીરી બંધ નહીં થાય તો ગ્રામજનોને આત્મવિલોપન કરવાની તૈયારી હોવાની ચિમકી ઉચ્ચારી છે. મલોઢા ગામના વરસીંગભાઈ ભીખાભાઈ કામળીયા, દેવશીભાઈ ધાનાભાઈ કામળીયા સહીતનાએ કરેલ રજુઆતમાં જણાવેલ કે, ગામની ગૌચરની જમીન સર્વે નં.૧૮૫/૪૫/પૈકી માંથી એકર ૪ ગુંઠા જમીન નવા ગામતળમાં ભેળવવા કલેકટર જુનાગઢના પત્ર ક્રમાક નં. લેન્ડ/ ૨/સી/૫૮૯/૯૧ તા.૨૨/૦૨/૧૯૯૭ ના હુકમ થયેલ અને સદરહુ જમીન સર્વે નં.૧૮૫/૪૫/પૈકી-૭ વાળી જમીન નવા ગામતળમાં ભેળવાય ગયેલ છે. જે અંગેની નોંધ મલોંઢા હક્કપત્રકમાં નં.૭૭૮ તા.૧૫/૦૭/૧૯૯૭ ના દાખલ અને પ્રમાણીત થયેલ છે. હાલ આ જમીન નવા ગામતળમાં ભેળવાયેલ હોય જેના ઉપર આર.જે.ત્રિવેદી ચોરવાડના પ્રો.પ્રાઈટર સરમણ જાદવભાઈ વાળા પોતાના અંગત લાભાર્થે માઈનીંગ શરૂ કરી ગેરકાયદેસર લાઈમસ્ટોન સફેદ પથ્થરોનું પરીવહન કરી રહેલ છે. આ જગ્યાએ આવેલ લીલી હરીયાલી, બાવળના મોટા વૃક્ષોને કોઈપણ સક્ષમ ઓથોરીટીની પરવાનગી વગર કાપી પોતાના ઉપયોગ અર્થે વહેચી નાખેલ છે. આ જમીનમાં જાહેર જનતા માટે સરકાર દ્વારા રસ્તો બનાવવામાં આવેલ હતો તે ખોદી અને અસ્તવ્યસ્ત કરી ગામનો નકશો બદલાવી નાખેલ છે. ગામની ગૌચરની જમીનનો નાસ કરી નાખેલ છે. વધુમાં ગામમાં પ્રાથમિક શાળાની નજીક જ નદી-વોકળો આવેલ હોય જેમાંથી કોઈપણ જાતની પરવાના કે લાઈસન્સ વગર અંદાજે ૫૦૦ ટ્રક જેટલો માલ પોતાના અંગત ઉપયોગ માટે પરિવહન કરી ગયેલ છે. માઈનીંગ રૂલ્સ મુજબ પણ સરકારી શાળાથી આશરે ૨૦૦ મીટર દુરથી માઈનીંગ કરવાનો નિયમો છે. જેને નજરઅંદાજ કરી પરમીશન વગર શાળાથી ૫૦ મીટરની અંદરના વિસ્તારમાંથી ગેરકાયદેસર માઈનીંગ કરી ખાડાઓ કરી નાંખેલ છે. જેના કારણે ભુલકાઓ ઉપર સતત અકસ્માતનું જોખમ રહે છે. ગામમાં આવેલ પાણીના બે કુવાઓ પણ ખોદી તેમાંથી માલ ભરી બારોબાર વેચી નાખેલ હોવાથી ગ્રામજનો પાણી માટે મુશ્કેલી અનુભવી રહ્યા છે. ગામમાં રામદેવપીરનુ મંદિર આવેલ તે મંદિરના પરીસરમાં ગૌશાળા તથા રમત-ગમત માટેનુ મેદાન છે જ્યાં સરમણભાઈ જાદવભાઈ વાળાએ ગામ્યજનોને એકઠા કરી જાહેરમાં સંબોધીને કહેલ કે આ મંદિર મારી માઈનીંગ લીઝમાં આવે છે અને મંદિરમાં ખોદકામ કરી જરૂરી મટીરીયલસ વેચાણ કરવાનો છે. જેથી આ જગ્યાએ આવવુ નહી એમ કહેતા ગામજનોમાં રોષ જોવા મળેલ છે. દેવકા નદીમાં ચેકડેમ આવેલ તે પણ ખોદકામ કરી તોડી નાખેલ છે. ગામમાં ગેરકાયદેસર રીતે માઈનીંગ ૨૪ કલાક મોટા મશીનોના ઉપયોગથી સતત ઘોઘાટ સાથે માઈનીગની કામગીરી ચાલતી હોવાથી પ્રદુષણ ફેલાઈ રહેલ છે. જેના લીધે ગ્રામજનોને શ્વાસ લેવામાં મુશ્કેલીઓ અનુભવી પડતી હોવાની સાથે સ્વાસ્થય ઉપર ખતરો મંડરાઈ રહ્યો છે. ત્યારે ગેરકાયદેસર કામગીરી સત્વરે બંધ કરાવવા ગ્રામજનોની માંગણી છે. જો આમ નહીં થાય તો ગ્રામજનોને આંદોલન કરવાની તૈયારી હોવાની અંતમાં ચિમકી ઉચ્ચારી છે.


ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર

આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર

અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર

ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya

જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર

રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫

Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com



torrent POWER DNHDD

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો સતત મળતો રહે તે માટે દમન અને દીવ ઈલેક્ટ્રીસીટી ડીપાર્ટમેન્ટે નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૦૭:૦૦ થી સાંજના ૦૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપુરવઠો કાર્યરત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
| --- | --- | --- | --- |
| ૨૮/૧૨/૨૦૨૩ ગુરૂવાર | ૬૬ કેવી મલાલા | ૧૧ કેવી વણાકબારા | વણાકબારા, સાઉદવાડી |
| | | ૧૧ કેવી બુચરવાડા | બુચરવાડા, ઝોલાવાડી |
| | | ૧૧ કેવી ઘોઘલા | ઘોઘલા |
| | | ૧૧ કેવી દીવ | દીવ સિટી |
| | | ૧૧ કેવી કલેક્ટર રેસીડેન્સી | કલેક્ટર રેસીડેન્સી |
| | | ૧૧ કેવી મલાલા | મલાલા |
| | | ૧૧ કેવી નાગોઆ | નાગોઆ |
| | | ૧૧ કેવી જીઆઈડીસી | જી.આઈ.ડી.સી |
| | | ૧૧ કેવી એજ્યુકેશન હબ | એજ્યુકેશન હબ, કેવડી આઈસલેન્ડ |

અસુવિધા બદલ દિલગીર છીએ

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ રજૂ કરે છે વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ જે હવે ઘર આંગણે ફોન કરીને મેળવી શકાશે.

● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણના સ્થળમાં ફેરફાર
● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી

આપની સેવા માં હરહંમેશ હાજર

24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

ગુજરાત સરકાર

Vibrant GUJARAT 2024 10-12 Jan Gateway to the Future | 10th Global Summit

## શુભારંભ સમારોહ

# ખેલ મહાકુંભ 2.0

રમશે ગુજરાત જીતશે ગુજરાત





રમતગમત ક્ષેત્રે રમતવીરોને પ્રોત્સાહન પૂરું પાડનાર ગુજરાતના માનનીય મુખ્યમંત્રી

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ના વરદ્હસ્તે

**ખેલ મહાકુંભ 2.0નો ભવ્યાતિભવ્ય શુભારંભ**

**પેરા એશિયન ગેમ્સ 2023માં વિજેતા થયેલ ખેલાડીઓ અને રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થયેલ ખેલાડીઓનું ખેલ પ્રતિભા રોકડ પુરસ્કારથી સન્માન**

• ખેલ મહાકુંભ 2.0ની નવીનતા •

- તાલુકા કક્ષાએ વિજેતા ખેલાડીઓને પણ રોકડ–પુરસ્કાર
- દરેક વયજૂથમાં ખેલાડીઓને સમાન રોકડ–પુરસ્કાર
- ૩૯ રમતો, ૪ નવી રમતોનો સમાવેશ સેપક ટકરાવ, વુડબોલ, બીચ વોલીબોલ, બીચ હેન્ડબોલ
- સમગ્ર વર્ષ દરમ્યાન સ્પર્ધાઓનું આયોજન
- ખેલ મહાકુંભ ૨.૦ વિજેતા ખેલાડીઓ અને પ્રોફેશનલ સ્પોર્ટ્સ લીગના ખેલાડીઓ વચ્ચે સ્પોર્ટ્સ લીગનું આયોજન
- દિવ્યાંગ ખેલાડીઓ માટે પણ સ્પે. ખેલ મહાકુંભનું આયોજન

તારીખ : ૨૭ ડિસેમ્બર ૨૦૨૩, બુધવાર । સમય : સાંજે ૭:૦૦ વાગે । સ્થળ : ટ્રાન્સસ્ટેડિયા, કાંકરિયા, અમદાવાદ.

વધુ વિગતો માટે

વેબસાઈટ: https://Khelmahakumbh.gujarat.gov.in | ટોલ ફ્રી : 1800 294 6151



ગુજરાત સરકાર

Vibrant GUJARAT 2024 10-12 Jan Gateway to the Future | 10th Global Summit



# મોદીની ગેરંટી

## નલ સે જલ યોજના
## દરેક ઘરને મળશે નળથી જળ

અત્યાર સુધી રાજ્યમાં **૯૨ લાખ** થી વધુ **નળ કનેક્શન**

## આપણો સંકલ્પ
# વિકસિત ભારત



ઘરે ઘરે નળથી જળ પહોંચાડવા

# કટિબદ્ધ ગુજરાત સરકાર